*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




જિનશાસનના ઓ ચમકિત તારા!
યુગ યુગ જીવો, માત! અમારાં.
સાધનાની દિવ્ય વિભૂતિઃ ‘બહેનશ્રી’
યુગ યુગ દીપો, ઓ ધર્મસિતારા!
તુમ જન્મદિવસે સહુ આનંદકારા.

[આત્મધર્મ]

# મુનિરાજની સ્વરૂપની લીલા જાત્યાંતર હોય છે

સ્વરૂપની લીલા જાત્યંતર છે. મુનિરાજ ચૈતન્યના બાગમાં રમતાં રમતાં કર્મના ફળનો નાશ કરે છે. બહારમાં આસક્તિ હતી તે તોડી સ્વરૂપમાં મંથર–સ્વરૂપમાં લીન –થઈ ગયા છે. સ્વરૂપ જ તેમનું આસન, સ્વરૂપ જ નિંદ્રા, સ્વરૂપ જ આહાર છે; તેઓ સ્વરૂપમાં જ લીલા, સ્વરૂપમાં જ વિચરણ કરે છે. સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટાવી તેઓ લીલામાત્રમાં શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટાવે છે. ૭૮.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

સ્વરૂપની લીલા જાત્યંતર છે. રાગની જાતથી જુદી જાતની ભગવાન આત્માના સ્વરૂપની લીલા છે. અનંત આનંદ ને જ્ઞાન–દર્શન આદિ અનંત ગુણોથી ભરેલા પ્રભુના સ્વભાવની લીલા એટલે કે દશા રાગની દશાથી જાત્યંતર –જુદી જાતની છે. પ્રભુ વિલસે તો તેની લીલા જાત્યંતર હોય છે તીવ્ર રાગ ને મંદ રાગથી જુદી જાતની પ્રભુની લીલા છે. એક ક્ષણમાં કેવળજ્ઞાન પ્રગટ થાય એ લીલા છે. આહાહા! પ્રભુ પોતે સર્વજ્ઞ શક્તિમાન છે તેમાં લીન થતાં મતિ–શ્રુત થાય ને તેમાં એકાગ્ર થતાં ક્ષણમાં કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ પ્રગટ થાય છે, એવી જાતની લીલા એ જાત્યંતર લીલા છે. પ્રભુની અદ્‌ભુતાદ્‌ભુત દશાઓ થાય છે, એ એની લીલા છે.

બહારની શરીર–વાણી ને કર્મની વિચિત્રતા દેખાય છે, એ બધી બહારની ઇન્દ્રજાળ છે. પણ જ્યાં ભગવાન આત્માનો સમ્યગ્દર્શનમાં સ્વીકાર થયો એવા જીવને સ્વરૂપની લીલા કોઈ અજબ–ગજબની છે. આત્મા રાગના વિકલ્પથી ભિન્ન છે ને પોતાના સ્વભાવથી પૂરણ છે એવું જ્યાં ભાન, જ્ઞાન ને સ્વરૂપાચરણ થોડું આવ્યું તેના સ્વરૂપની લીલા જાત્યંતર છે. કર્મની લીલા રાજા–રંકની જુદી જાતની છે ને આ આત્માનું જ્યાં ભાન થયું છે એ જીવ લડાઈમાં ગયો હોય ને ઘરે આવીને જ્યાં ધ્યાનમાં બેસે ત્યાં નિર્વિકલ્પ થઈ જાય છે! એવી તો તેની અંતરની લીલા છે. [ અનુસંધાન પાના ૨૦ પર ]

વાર્ષિક લવાજમ છ રૂપિયા
વર્ષ ૩૫ અંક ૧૦
વીર સંવત ૨૫૦૪
A. D. 1978 SEPT.




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# હે જીવ ! તું આત્મામાં ગમાડ

**હે જીવ ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ, આત્મામાં ગમે તેવું છે. આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. માટે તું આત્મામાં ગમાડ. ૧.**

( હે અધ્યાત્મધર્મમૂર્તિ ! ૨. )

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનમાંથી ]

પહેલી ગાથામાંથી જીવતરશક્તિ કાઢી છે. અહીં હે જીવ ! તું જીવતર શક્તિથી જીવનારો છો. તને ક્યાંય ન ગમતું હોય–રાગમાં, પર્યાયમાં ક્યાંય ન ગમતું હોય–તો તારો ઉપયોગ પલટાવી નાખ. પર્યાય–વર્તમાન અવસ્થા શુભ કે અશુભ ભાવમાં રોકાય છે તે દુઃખ છે. ઉપયોગ પરમાં છે ત્યાંથી પલટાવ. વર્તમાન ઉપયોગ રાગ અને પુણ્યના વિકલ્પમાં રોકાયો છે ત્યાં તને નહીં ગોઠે, માટે ઉપયોગને પલટાવ એટલે કે જે પર્યાય રાગ તરફ વળેલી છે તે તો ભલે હો પણ પછીની પર્યાયને પલટાવ, રાગમાં ઉપયોગ છે ખરો પણ તેને હવે પલટાવ.

( હે પૂર્વસંસ્કારી જાતિસ્મરણવૈભવધારી પવિત્ર આત્મા ! ૩. )

( હે ભગવતી જગદંબા ! ૪. )

તને ક્યાંય ન ગમતું હોય, સંતુષ્ટતા લાગતી ન હોય, આકુળતા લાગતી હોય તો તારો ઉપયોગ–તારી દશાનો વેપાર પલટાવી નાખ. શુદ્ધ સ્વરૂપ જીવ છે, ત્યાં ઉપયોગને વાળ–ઢાળ. ઉપયોગ પલટાવીને આત્મામાં ગમાડ. રાગમાં ગમતું નથી તેથી ઉપયોગને પલટાવીને જ્યાં શુદ્ધ સ્વરૂપ ધ્રુવ સ્વભાવના ભાવથી પૂર્ણ ભરેલો જીવ છે ત્યાં પલટાવ, ઉપયોગને ત્યાં ગમાડ. ત્યાં–આત્મામાં ગમે તેવું છે. કેમ કે ત્યાં આનંદ છે ને રાગમાં દુઃખ છે. તેથી વર્તમાન ઉપયોગને પલટાવીને આત્મામાં ગમાડ ત્યાં તને ગમશે.

બહુ સાદી ભાષા છે. વર્તમાન દશા પર તરફ વળેલી છે તેથી પલટો માર. પર્યાય છે તે પલટશે. ધ્રુવ છે તે પલટશે નહીં પણ પર્યાય છે તે પલટશે. તેથી પર્યાયને પલટાવીને આત્મામાં વાળ, ત્યાં તને ગમશે આત્મામાં ગમે તેવું છે. કેમ ?–કે આત્મામાં આનંદ ભર્યો છે. તેથી ઉપયોગ આત્મામાં જશે, ત્યાં તને ગમશે.

ઉપયોગ પલટાવ એમ કહેતાં પુરુષાર્થ આવ્યો. તું પોતે જ પરમાં જોડાયો છે એ ઉપયોગને પલટાવ. આત્મામાં ગમાડ, ત્યાં ગમે તેવું છે, આત્મામાં ગોઠે તેવું છે. બીજે ક્યાંય ગોઠે તેવું નથી. રાગમાં, વ્યવહારમાં ક્યાંય ગોઠે તેવું નથી. આત્મામાં આનંદ છે એમ નહીં પણ ભર્યો છે. આત્મા આનંદથી ભરેલો છે. પોતે જ અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. આ માંગલિક છે. હે જીવ !–એમ કહીને શરૂઆત કરી છે.

જગતમાં દયા–દાન આદિ રાગમાં ને પરમાં ક્યાંય ગમે તેવું નથી. આત્માના આનંદ સિવાય ક્યાંય ગમે તેવું નથી. એક આત્મામાં જરૂર ગમે તેવું છે. જગતમાં કહેતાં એક બાજુ બધું લીધું ને એક બાજુ આત્મા લીધો. એક કોર રાજા ને એક કોર ગામ. આનંદથી ભરેલી ચીજ આત્મા છે. મૌજૂદગીવાળી ચીજ આત્મા છે.

એક આત્મામાં જરૂર ગમે તેવું છે, માટે તું આત્મામાં ગમાડ. ત્યાં ગમે તેવું છે માટે ત્યાં ગમાડ ને બીજે ગમે તેવું નથી માટે ત્યાંથી ખસી જા. સ્વમાં વશ, પરથી ખસ, ટૂંકું ટચ, તારે માટે બસ.

# આત્માની લગની લગાવીને પ્રયત્ન કર

**અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે. આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ. આત્માની લગની લાગવી જોઈએ; તેની પાછળ લાગવું જોઈએ. આત્માને ધ્યેયરૂપ રાખીને દિન-રાત સતત પ્રયત્ન કરવો જોઈએ. 'મારું હિત કેમ થાય ?' 'હું આત્માને કઈ રીતે જાણું ?'-એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે. ૨.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

અંતરના ઊંડાણથી એટલે કે ઉપર ટપકે કરે તેમ નહીં, ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો–પરનું કે દુનિયાનું હિત કરી શકતો નથી–પોતાનું હિત એટલે કે ભગવાન આત્માનું હિત સાધવા જાગ્યો અને જેને અંતરના ઊંડાણમાં આત્માના હિતની ખરેખરી લગની લાગી–બીજાને દેખાડવા એમ નહીં પણ ખરેખરી લગની લાગી–તેને અંદર માર્ગ મળી જશે. જેને ખરેખરી લગની લાગી છે તેની લગની જ અંદર માર્ગ કરી દેશે. એટલે કે બીજા વિકલ્પો કે નિમિત્તો સાધન થાય એવું છે નહીં. ગુરુની કૃપાથી થાય એમ પણ છે નહીં.

લગની લાગે ને અંદર માર્ગ ન થાય એમ બને જ નહીં. જે અંદરના ભરોસે ચઢી ગયો છે તેને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહીં. આત્માની લગની લાગવી જ જોઈએ. વ્યવહાર વિકલ્પની નહીં પણ આત્માની લગની લાગવી જોઈએ. તેની પાછળ લાગવું જોઈએ. જ્ઞાયક જ્ઞાયક શુદ્ધ વસ્તુની પાછળ લાગવું જોઈએ, તેની સન્મુખ થવું જોઈએ. વસ્તુની સમીપમાં જવું જોઈએ.

( તુજ જ્ઞાન ધ્યાનનો રંગ અમ આદર્શ રહો, )



આત્માની લગની લાગવી જોઈએ, તેની પાછળ લાગવું જોઈએ, તેની સન્મુખ થવું જોઈએ. એકલો જ્ઞાયક જ્ઞાયક શુદ્ધ ધ્રુવ છે તેની સન્મુખ થવું જોઈએ, તેની પાછળ લાગવું જોઈએ. પાછળ કહેતાં તેની સન્મુખ થવું જોઈએ. તેની પાછળ લાગવું જોઈએ એટલે કે તેનો પીછો છોડવો ન જોઈએ.

ધ્રુવના ધામને ધ્યેય બનાવીને દિન–રાત સતત પ્રયત્ન કરવો જોઈએ. ધૂન લાગવી જોઈએ. તેની પાછળ ઘેલા થઈ જવું જોઈએ. સતત નિરંતર દિન–રાત ધ્રુવને ધ્યેયરૂપ રાખીને પ્રયત્ન કરવો જોઈએ.

“મારું હિત કેમ થાય? ” પરનું તો કરી શકતો નથી, તારી ચિંતા નિરર્થક જશે. પરદ્રવ્ય તો જે ક્ષેત્રે ને જે સ્થિતિએ જેમ છે તેમ રહેશે–થશે. તેમાં તારી ચિંતા નિરર્થક જશે. જે જ્યાં છે તે ત્યાં જ રહેશે, તારી ચિંતાથી ત્યાં ફેરફાર થશે એમ નથી.

મારું હિત કેમ થાય ને હું આત્માને કઈ રીતે જાણું? છઠ્ઠી ગાથામાં શિષ્યનો આ પ્રશ્ન છે. ત્યાં એવા શિષ્યને લીધો છે કે જેને ધગશ છે કે એ શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ. તેને ત્યાં આચાર્યદેવે ઉત્તર કહ્યો છે. જેને અંદરમાંથી ધગશ જાગે છે કે એ શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ, તેને આ ગાથા ઉત્તરરૂપે કહેવાય છે–એમ અમૃતચંદ્રાચાર્યદેવે ખુલાસો કર્યો છે. એમને એમ સાંભળવા આવ્યો છે તેને નહીં પણ જે નજીક આવ્યો છે ને આવી ધગશથી પૂછે છે તેને ઉત્તર કહ્યો છે. જે જીવ ગુરુ પાસે આવ્યો છે ને જિજ્ઞાસા થઈ છે તેને ઉત્તર કહ્યો છે. અંદરથી જીવને શુદ્ધ સ્વરૂપ તે શું છે?–કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?–એવી ધગશ જાગી છે. વ્યવહારને જાણવો જોઈએ કે નિમિત્તને કે પર્યાયને જાણવા જોઈએ એમ નહિ પણ શુદ્ધ આત્મા કોણ છે?–એવો પ્રશ્ન શિષ્યના મુખમાં મૂક્યો છે. સમયસાર...અહો! એનો એક એક શ્લોક!! અને એમાંથી આ માખણ –બહેનશ્રીનાં વચનામૃત–છે.

મારું હિત કેમ થાય? હું આત્માને કઈ રીતે જાણું?–એવો જેનો પ્રશ્ન છે તેનો ઉત્તર આગળ છે કે જાગતો જીવ ઊભો છે...જેને ધગશથી સમજવાની જિજ્ઞાસા થઈ છે, શુદ્ધ સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા થઈ છે તેની વાત છે. દુનિયાને વિશેષ સમજાવતાં પણ ન આવડે, પણ બસ, મારું શુદ્ધ સ્વરૂપ શું છે એ જાણવું છે–એમ લગની લાગવી જોઈએ.

[ વિશેષ માટે જુઓ પાનું ૧૦ ]

( હો શિવપદ તક તુજ સંગ માતા હાથ ગ્રહો. )

( ક્રે ઉપશમરસભીની પાવન પ્રતિમા! ૮. )

( ક્રે આશ્ચર્યકારી આત્માનુભવિક! ૯. )

# જ્ઞાનીને ચૈતન્યના તળ ઉપર સદાય સહજ દૃષ્ટિ હોય

દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે. ૧૨.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

આત્મામાં બે પ્રકાર છે. એક ધ્રુવપણું ને એક પર્યાયનું પલટવાપણું. પર્યાયનું તળિયું ધ્રુવ છે. જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર – ધ્રુવ ઉપર જ દૃષ્ટિ છે. એ ધ્રુવરૂપ તળિયામાં પર્યાય પ્રવેશ કરી શકતી નથી, જેમ પાણીના દળમાં તેલ પ્રવેશ કરી શકતું નથી તેમ.

વર્તમાન પર્યાય છે તે ઉપર છે અને ધ્રુવ છે તે તળ છે. ધ્રુવ ઉપર દૃષ્ટિ ગઈ તે તળ ઉપર દૃષ્ટિ ગઈ. એવી દૃષ્ટિ પ્રગટી એટલે કે વસ્તુ ઉપર દૃષ્ટિ પડતાં દ્રવ્યદૃષ્ટિ પ્રગટી એટલે કે ચૈતન્યના ધ્રુવ સ્વભાવ ઉપર, તળ ઉપર દૃષ્ટિ ગઈ. આ કરવાનું છે. પર્યાયને ત્રિકાળી તળની સન્મુખ કરવાની છે.

દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ છે. ત્રિકાળી ધ્રુવ વસ્તુ તે ધ્યાનનું ધ્યેય છે. વર્તમાન પર્યાય ધ્રુવ તળિયા પર ગઈ એટલે ત્યાં એકમેક થઈ, એકમેક થઈ એટલે વર્તમાન પર્યાય બહાર હતી તે ધ્રુવ તળિયા પર ગઈ.

આત્મા છે તેમાં બે અંશ છે. એક પર્યાય અંશ–પલટતો છે અને બીજો ધ્રુવ અંશ–ત્રિકાળી છે કે જે પર્યાયમાં આવતો નથી. વર્તમાન દશા તળિયે ગઈ તેથી તે પર્યાયને તેમાં એકમેક થઈ એમ કહેવામાં આવે છે. પર પદાર્થ

સાથે તો કોઈ સંબંધ નથી. તે તો તેના સંબંધે તેનામાં તેના કારણે રહે છે. અહીં તો આત્મામાં એક ત્રિકાળી અંશ છે જે પર્યાયમાં આવતો નથી, ધ્રુવ દ્રવ્ય છે તે પલટતું–બદલતું નથી, એવું જે નહિ બદલતું તત્ત્વ તેને પર્યાયે જોયું, પર્યાયે તળિયાંને જોયું, તેને એકમેક થઈ એમ કહ્યું છે. વસ્તુ પોતે જ હિતરૂપ છે, વસ્તુ ભૂતાર્થ છે, મૌજૂદ છે, અસ્તિતત્ત્વ છે, એવા ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં દ્રવ્યદૃષ્ટિ પ્રગટે છે. દૃષ્ટિ પ્રગટે છે હો ! દ્રવ્ય તો છે જ પણ તેના તરફ દૃષ્ટિ જતાં, તેનો સ્વીકાર થતાં દ્રવ્યદૃષ્ટિ પ્રગટે છે. દ્રવ્ય પ્રગટયું એમ પણ કહેવાય, કેમકે પર્યાયમાં જે નહોતું માન્યું તે માન્યું ને સ્વીકાર્યું, તેથી દ્રવ્ય પર્યાયમાં પ્રગટયું પણ કહેવાય.

પ્રમાણના વિષયમાં દ્રવ્ય ને પર્યાય બન્નેને જાણે છે તેથી તે સદ્‌ભૂત વ્યવહારનય થઈ જાય છે, તેથી પ્રમાણ પૂજ્ય નથી. કેમકે પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી. નિશ્ચયનય છે તે વસ્તુ ધ્રુવ છે–તળ છે તેને સ્વીકારે છે, તેથી નિશ્ચય–ભૂતાર્થ છે તેમ કહ્યું છે. પર્યાયમાત્ર જાણવા લાયક ભલે હો પણ આશ્રય કરવા લાયક તો પર્યાયની પાસે પર્યાયના તળિયે જે ધ્રુવ વસ્તુ છે તે જ આશ્રય કરવા લાયક છે.

અહીં કહે છે કે જે પર્યાય રાગમાં રોકાતી હતી તે પર્યાય હવે ધ્રુવમાં રોકાણી તે અપેક્ષાએ એકમેક થઈ એમ કહે છે. પરંતુ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. જેવું દ્રવ્ય છે તેના શ્રદ્ધા–જ્ઞાન થયા તેથી પરિણતિ એકમેક થઈ એમ કહ્યું. દૃષ્ટિ તળ ઉપર ગઈ તેથી તે પર્યાય એકમેક થઈ એમ કહેવાય છે.

જ્ઞાનીને ચૈતન્યસ્વરૂપ ધ્રુવ તળિયામાં સ્વભાવિક દૃષ્ટિ છે. વસ્તુ જેમ સહજ છે તેમ તેની દૃષ્ટિ પણ સહજ છે. સ્વાનુભૂતિના કાળે અને બહાર ઉપયોગ હોય ત્યારે એટલે કે શુભ–અશુભ ઉપયોગ હોય ત્યારે પણ ધ્રુવ ઉપરથી તેની દૃષ્ટિ ખસતી નથી. બહાર ઉપયોગ હોય તે કાળે પણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ છે. શુભ કે અશુભ રાગ જ્ઞાનીને આવે છતાં ધ્રુવ ઉપરની દૃષ્ટિ કદી છૂટતી નથી.

ઉપયોગ ભલે શુભ અશુભમાં જાય પણ દૃષ્ટિ બહાર જતી જ નથી. દૃષ્ટિનો વિષય જે ધ્રુવ છે તેમાંથી દૃષ્ટિ છૂટતી જ નથી. જ્ઞાની ધર્મી જીવ ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે. જે અનાદિથી પર્યાયમાં પહોંચેલા છે તે અંશમાં પહોંચેલા છે એ તો અજ્ઞાની છે. ધર્મી જીવ તો અંતરના પાતાળમાં

( વિશેષ માટે જુઓ પાનું ૧૦ )

( હે શુદ્ધાત્મદ્રષ્ટિસંપન્ન પ્રશમમૂર્તિ પવિત્રાત્મા ! ૧૪. )

( હે અધ્યાત્મવૈભવવિલાસી પ્રશમપરિણત ધર્મરત્ન ! ૧૫. )

# જ્ઞાનીનો અભિપ્રાયઃ રાગ છે તે ઝેર છે.

**જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે. હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ છે, પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે. ૧૯.**

[ ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્યગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો નાગ છે. એટલે ? આત્મા પોતે ચૈતન્યઘન છે તેનાથી શુભભાવ વિરુધ્ધ છે. રાગ આવે પણ તે વિષકુંભ છે. તે સ્વરૂપનો સાધક નથી પણ બાધક છે. ચૈતન્ય જ્ઞાયકની દ્રષ્ટિ થઈ છે તેને અશુભ છૂટીને જેટલો શુભ આવે તેને વ્યવહારથી ઠીક કહેવાય પણ નિશ્ચયથી તો તે ઝેર છે. પોતાનું સ્વરૂપ તો જિનસ્વરૂપી જ છે તેની દ્રષ્ટિ થઈ છે તેને શુભભાવ આવે પણ તે કાળો સર્પ છે.

વસ્તુ છે તે અમૃતસ્વરૂપ છે. તેનો સ્વીકાર કરતાં અમૃતના ફળ પાકે, કેમકે કોળાની વેલડીએ કોળા પાકે, કારેલાં ન પાકે ! તેમ અમૃતની વેલડીએ અમૃતના ફળ પાકે. પ્રભુ આત્મા પૂરણ આનંદ ને પૂરણ જ્ઞાનસ્વરૂપનો પિંડ છે, તેનું પરિણમન થાય ત્યારે આનંદના કોળા પાકે. પૂરણ વીતરાગ નથી તેથી ધર્મીને શુભભાવ અસ્થિરતાથી આવે પણ શ્રદ્ધામાં તેને કાળો નાગ લાગે છે.

પૂરણ વીતરાગ ન થાય ત્યાં સુધી ક્ષાયિક સમકિતીને પણ આસક્તિને લઈને રાગ થાય. અંતરમાંથી આવીને રાગમાં ઊભા છે પણ રાગનો આદર નથી, રાગ હોય છે, પણ ધર્મી શુભ રાગને કાળો નાગ જાણે છે. રાગમાં થોડા ઊભા છે પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. ચાહે તો શુભરાગ હો પણ તે કષાય અગ્નિ છે, દાહ છે, આત્માની શાંતિને તે બાળે છે.

( સીમંધર દરબારના બ્રહ્મચારી ભડવીર, )



વસ્તુ તો પવિત્ર પ્રભુ છે છતાં પર્યાયમાં સાધકને અશુદ્ધિ છે. અમૃતચંદ્રાચાર્યદેવ જેવા કહે છે કે મારી પર્યાયમાં કલમાષિતતા છે. મુનિને અશુભ તો હોતો નથી પણ ધર્મના લોલુપી જીવોને દેખીને ઉપદેશનો શુભરાગ આવે પણ તે કલમાષિતતા છે, દુઃખરૂપ છે. દૃષ્ટિની અપેક્ષાએ તો દ્રવ્યસ્વભાવમાં અશુદ્ધતા છે જ નહીં. જ્ઞાનીને અંદરમાં શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ હોવા છતાં અસ્થિરતાથી રાગ હોય છે પણ રુચિ અને અભિપ્રાયની આગળ તેને ઝેર જાણે છે.

જ્ઞાનીને ભલે હજી રાગાદિ હો, રાગમાં ઊભા હો એટલે કે અસ્થિરતાના રાગ વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે. સ્વરૂપની દૃષ્ટિના જોરમાં ધર્મી રાગમાં ઊભા હોવા છતાં–રાગ આવે છે છતાં ન્યારા છે. શુભરાગ આવ્યો છતાં ત્યાં ધર્મીની નજર નથી.

[ અનુસંધાન પેજ ૮ થી ચાલુ ]

ધ્રુવમાં પહોંચી ગયા છે. ચૈતન્યના તળિયાને પકડતાં સર્વજ્ઞપણું પહેલાં માન્યું ન હતું, તે માન્યું તેથી પ્રગટયું છે અને તેમાં એકાગ્રતા કરતાં સર્વજ્ઞપણું પર્યાયમાં જરૂર પ્રગટશે જ. પાતાળના પાણી જેણે જોયા તેને પાણીની શેડ ફૂટશે જ.

ધર્મી જીવ, અસંખ્ય પ્રદેશે પર્યાય છે. તેની પાછળ અસંખ્ય પ્રદેશે ધ્રુવ ગુફા છે. ત્યાં પહોંચી ગયેલાં છે. તેમણે સાધના સહજ સાધેલી છે. આહાહા! એક એક શબ્દો માખણ છે.

[ અનુસંધાન પેજ ૬ થી ચાલુ ]

હું આત્માને કઈ રીતે જાણું? મારું સ્વરૂપ છે તે હું કઈ રીતે જાણું? બસ એક જ વાત. બોલતાં આવડે ન આવડે, શાસ્ત્ર સમજાવતાં આવડે ન આવડે પણ હું કઈ રીતે આત્માને જાણું, સમજવામાં પણ કાંઈક પકડાય ને પછી બીજાને કહું એમ નહીં પણ હું કઈ રીતે આત્માને જાણું? એની વિધિ શું છે એ એક જ વાત, એ એક જ લગની લગાડે તો માર્ગ જરૂર હાથ આવે.

( ભરતે ભાળ્યા ભાગ્યથી, અતિશયગુણ ગંભીર. )
( હે જિનશાસનપ્રદ્યોતકારી અનુપમ 'ધર્મરત્ન' ! ૧૯૭ )
( હે સાતિશય સ્મરણશક્તિવંતધારી દિવ્ય વિભૂતિ ! ૧૯૭ )

# મૂંઝવણમાં પણ ધીરજથી અંતરના પ્રયત્ને માર્ગ શોધી લે

**મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય, પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ જાય. તેને સુખનું વેદન જોઈએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી માટે મૂંઝવણ થાય, પણ મૂંઝવણમાંથી તે માર્ગ શોધી લે છે. જેટલો પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે. આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે, ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય. ૩૪.**

'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી

જેને સત્ સમજવાની ને સત્ જાણવાની જિજ્ઞાસા છે તેને મુમુક્ષુ કહે છે. જેમાં વિકારનો અંશ નથી એ ચીજ શું છે?–એ જાણવાની જિજ્ઞાસા થઈ છે તેને મુમુક્ષુ કહે છે. એવા મુમુક્ષુને જ્ઞાનમાં ઝટ આત્મા ન પકડાય એટલે થોડી મૂંઝવણ થાય પરંતુ એવી મૂંઝવણ ન કરે કે મૂઢતા થઈ જાય કે સમજવાનો પ્રયત્ન છોડી દે. ધીરા થવા માટે સમયસારમાં છ માસનો અભ્યાસ કરવા કહ્યું છે.

મારો આત્મા તો અતીન્દ્રિય આનંદનો સાગર છે અને મને સુખનું વેદન તો થતું નથી, મારે આનંદનું વેદન જોઈએ છે પણ તે મળતું નથી ને રાગમાં રહેવું જિજ્ઞાસુને પોષાતું નથી માટે મૂંઝવણ તો થાય. પરંતુ તે મૂંઝવણમાંથી ધીરજથી અંતરના પ્રયત્નથી માર્ગ શોધી લે. જેટલો સ્વભાવ સન્મુખ પુરુષાર્થ ઉપાડે તેટલું અંદર વીર્ય કામ કરે.

આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે એટલે કે મારે આમ જ કરવું છે એમ વિકલ્પથી હઠ ન કરે. પુરુષાર્થ એટલો હોય નહીં ને ઝટઝટ

[ વિશેષ માટે જુઓ પેજ ૧૫ ]

## માર્ગની યથાર્થ વિધિનો ક્રમઃ

# ઉપયોગને પલટાવવા પ્રથમ રુચિને પલટાવ

**જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી. પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૬.**

'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી

રુચિને પલટાવતો નથી ને ઉપયોગને પલટાવવા માગે છે, પણ શી રીતે પલટે! જેમાં ઉપયોગ જોડવો છે તે વસ્તુની રુચિ વિના ઉપયોગ તે તરફ કેમ વળશે? સ્વભાવની રુચિ કરતો નથી તો ઉપયોગ કેમ પલટે? વસ્તુ છે તેની રુચિ કરતો નથી ને ઉપયોગ તે તરફ પલટાવવા માગે છે પણ નહીં પલટે. સ્વભાવ સિવાય ક્યાંય પણ–મોટાઈ–માન આદિના રાગમાં, બાહ્ય અનુકૂળતામાં, કૂતુહલમાં રુચિ પડી હોય તો અંદર નહીં આવી શકે. પરમાં રુચિ પડી છે તે રુચિ પલટયા સિવાય અંદરમાં ઉપયોગ નહીં આવી શકે.

રુચિમાં વસ્તુનું પોષાણ થશે તો ઉપયોગ પલટશે. અંતરમાં રુચિનું પોષાણ થશે તો ઉપયોગ અંદરમાં જશે, એ સિવાય અંદર કઈ રીતે જશે? સ્વભાવ સિવાય બીજી કોઈ ચીજમાં–ધારણામાં, ઉઘાડ આદિમાં રુચિ છે તો ઉપયોગ કઈ રીતે પલટશે? સ્વભાવ તરફ ઉપયોગને પલટાવવા માગે છે પણ રુચિ તો પરમાં પડી છે તો સ્વભાવ તરફ કઈ રીતે ઉપયોગ પલટશે? રુચિ પલટયા વિના જ્ઞાનનો ઉપયોગ પલટી શકશે નહીં. જેની જ્યાં રુચિ છે ત્યાં ઉપયોગ કામ કરે છે. બહારની ચીજની કાંઈ પણ અધિકતા રહી જશે તો અંતરમાં નહીં જઈ શકે.

વસ્તુસ્વભાવની રુચિ વિના ઉપયોગ અંદર નહીં વળી શકે. ઉપયોગ પલટતો નથી તેનો અર્થ કે રુચિ ક્યાંક અટકી છે, રાગાદિના સૂક્ષ્મ વિકલ્પના

પ્રેમમાં ફસાઈ ગયો છે. માટે પ્રથમ રુચિ કરવી જોઈએ. આત્મા સિવાય કોઈ પણ ચીજ પોષાણમાં પોષાવી ન જોઈએ. રુચિ પલટે તો ઉપયોગ પલટે.

આત્મા સિવાય બધી ચીજમાં ક્યાંય પણ રુચિ છે,–ધંધા–પાણી –નોકર–ચાકર–પરિવાર આદિ કે જે પરચીજ છે તેના ઉપર રુચિ છે–ત્યાં સુધી ઉપયોગ અંદરમાં નહીં જઈ શકે. આખી દુનિયા ઉપરથી રુચિ પાછી વાળવી છે. જો રુચિ અંતરમાં નહીં હોય તો ઉપયોગ અંતરમાં નહીં જઈ શકે. બાહ્યપદાર્થ ઉપર રુચિ છે ત્યાં સુધી ઉપયોગ અંદરમાં નહીં જઈ શકે.

ભલે નિવૃત્તિ લીધી હોય પણ તેના પોષાણમાં અંદર ચૈતન્ય આત્મા આવે નહીં, તેની રુચિ આવે નહીં ત્યાં સુધી ઉપયોગ અંદરમાં આવશે નહીં. આત્મા સિવાય એટલે કે દયા–દાન આદિના વિકલ્પથી માંડીને ક્યાંય પણ –વેપાર–ધંધા આદિમાં રચ્યો પચ્યો રહે છે એ તો એકલા પાપ છે તેમાં–રુચિ છે ત્યાં સુધી ઉપયોગ અંદર નહીં જઈ શકે. આ આત્મામાં ગુણની સંખ્યા અનંત છે, તેમાં આ ગુણ છેલ્લો એવું જેમાં છે નહીં–એવા અમાપ આત્મતત્ત્વની રુચિ કરશે નહીં ત્યાં સુધી ઉપયોગ પલટો મારીને અંદર વળશે નહીં. સ્વભાવની રુચિ કર્યા વિના પર તરફથી ઉપયોગ સ્વમાં નહીં વળી શકે.

અનંત અનંત બેહદ, જેની સંખ્યાની હદ નહીં, કાળ એક સમય, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ પણ ગુણની સંખ્યાનો છેડો નહીં–એવા તત્ત્વની રુચિ કરે, જેની અમાપ શક્તિનો છેડો જેમાં નથી તેની રુચિ કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જાય. આત્મા અનંત શક્તિનો સંગ્રહાલય પ્રભુ છે કે જેની શક્તિનો 'આ છેલ્લી શક્તિ' એવો અંત નથી–એવા આત્માની રુચિ કરે તો ઉપયોગનો પલટો સહજ થાય. અનંત શક્તિવાન મૂળ ચીજનો વિશ્વાસ ને રુચિ પ્રથમ થવા જોઈએ. ભલે જ્ઞાનમાં અનંત શક્તિનો અંત–માપ આવી જાય પણ અનંતનું અનંતપણે જ્ઞાનમાં માપ આવી જાય છે. એવા સ્વભાવની રુચિ કરે તો જ્ઞાનનો જે વેપાર પર તરફ છે તે સ્વ તરફ ઝૂકી જશે.

આ તો બેનનાં (–બહેનશ્રીનાં) શબ્દો ઘણા સાદા છે પણ તેમાં ઘણી ગંભીરતા છે. અમાપ શક્તિનો સંગ્રહાલય પ્રભુ છે, પણ રુચિના પલટા વિના જ્ઞાનનો વેપાર પર તરફથી નહીં ખસે. એ સિવાય ક્યાંય પણ ઊંડાણમાં રુચિ રહી ગઈ તો રુચિના પલટા વિના ઉપયોગ અંદર નહીં જઈ શકે વર્તમાન દયા–દાન આદિની રુચિ છે તેમ તેના ફળ ને સંયોગની રુચિ છે ત્યાં સુધી સ્વ ચૈતન્યમૂર્તિ પ્રભુ તરફ ઉપયોગ નહીં જાય. માર્ગની આ યથાર્થ વિધિ છે. ❈

# જ્ઞાયકના આશ્રયે પ્રગટેલી સહજ દશા સહેજે ટકી રહે છે

**સહજ દશાને વિકલ્પ કરીને જાળવી રાખવી પડતી નથી. જો વિકલ્પ કરી જાળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી. વળી પ્રગટેલી દશાને જાળવવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી; કેમકે વધવાનો પુરુષાર્થ કરે છે તેથી તે દશા તો સહેજે ટકી રહે છે. ૩૯.**

( હે ભેદજ્ઞાન પ્રકાશક માતા ! ૪૨.)

( હે આનંદદાયની માતા ! ૨૫.)

‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી

આ આત્મા પરમાત્મસ્વરૂપ છે એવી જ્યાં અંતર દ્રષ્ટિ ને અનુભવ થયો, રાગથી ભિન્ન પડીને સ્વભાવને આશ્રયે, સ્વભાવને અનુલક્ષીને જે નિર્મળ પરિણતિ થઈ, તે સહજ દશા છે. એ સહજ દશાને વિકલ્પથી જાળવી રાખવી પડતી નથી. અનંત જ્ઞાન આદિ એવો જે સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવધ્યેય તેના આશ્રયે જે આનંદનું વેદન આવ્યું ને હું જ્ઞાયક છું એવો વિકલ્પ પણ જેને છૂટી ગયો છે, એ સહજદશા છે. એ દશાને વિકલ્પ વડે જાળવી રાખવી પડતી નથી.

અંતરમાં સહજ પરિણતિ થઈ એ પરિણતિને રાગ કરું તો રહે તેમ નથી. જો વિકલ્પ કરીને જાળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી. શુભરાગ વડે ને વાંચન વડે જો સહજ દશા જાળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી. જેમ નિત્યાનંદ પ્રભુ સહજ છે તેમ તેના આશ્રયે થયેલી દશા પણ સહજ છે માટે એ સહજ દશા રાગ કરું તો રહે–એવી નથી.

બીજી રીતે કહીએ તો શુભરાગ કરીયે તો સહજ દશા રહે તેમ નથી. તેના ટકવા માટે વાંચન–મનન કરીયે તો તે સહજ દશા રહે તેમ નથી. જો વિકલ્પ કરીને જાળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી. વળી જે સહજ દશા પ્રગટી છે તેને જાળવી રાખવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી એટલે કે જ્યાં સ્વભાવ તરફથી દ્રષ્ટિ થઈ ત્યાં સ્વભાવવાળો જ એનો પુરુષાર્થ છે. રુચિ અનુયાયી વીર્ય, જે રુચિ થઈ તેના તરફ વીર્ય વળ્યા જ કરે છે.

આ આત્મા સહજાનંદ સ્વરૂપ, પવિત્ર સ્વરૂપ છે. દયા–દાન આદિના રાગથી ભિન્ન પાડીને પવિત્ર સ્વરૂપની પવિત્ર દશા પર્યાયમાં પ્રગટ કરી તે દશા રાગ કરું તો ટકી રહે તેમ છે જ નહીં. અરે! ગુણ–ગુણીના વિકલ્પને તોડીને જેવી ધ્રુવ શક્તિ છે એવી જ ધ્રુવતાની શક્તિની વ્યક્તતા પ્રગટ કરી છે તેને જાળવી રાખવી પડતી નથી, કેમ કે પુરુષાર્થ એ તરફ વળ્યા જ કરે છે. સત્‌ છે, મૌજૂદ છે, અવિનાશી છે, અણકરાયેલી છે, પૂરણ છે, તેનું ભાન થાય ત્યારે રાગથી જુદો પડયો છે એવી દશા રાગથી ટકી રહે છે એમ નથી તથા એ સહજ દશાને જાળવવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી.

રાગથી ભિન્ન પડીને જેવું તેનું સ્વરૂપ છે તેવું અનુભવવામાં આવે એ દશાને જાળવવા માટે નવો પુરુષાર્થ કરવો પડે–જુદો પુરુષાર્થ કરવો પડે તેમ નથી. કેમકે સ્વ–સન્મુખનો પુરુષાર્થ ચાલ્યા કરે જ છે. આત્માના આશ્રયે શુદ્ધિ થઈ એ શુદ્ધિની વૃદ્ધિને માટે પ્રયત્ન તો છે જ. સમયે સમયે શુદ્ધિની વૃદ્ધિનો પુરુષાર્થ છે જ. નવો પુરુષાર્થ કરવો પડતો નથી, જુદો પુરુષાર્થ કરવો પડતો નથી.

---

[ અનુસંધાન પેજ ૧૧ થી ચાલુ ]

કરવું છે એમ માને તો કાર્ય નહીં થાય. સહજ સ્વભાવી પ્રભુમાં હઠ કામ ન લાગે. માર્ગ સહજ છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવનું માહાત્મ્ય ને મહિમા–આ તે શું ચીજ છે! આનંદ આવે નહીં ને જિજ્ઞાસા છે એટલે તેણે સ્વભાવ તરફનો પુરુષાર્થ જારી રાખવો, એમાં હઠ કામ ન લાગે, ખોટી ઉતાવળે કામ ન થાય.

અંતરમાં જવા માટે પુરુષાર્થ કરે નહીં ને ખોટી ઉતાવળ કરે તો તે પ્રાપ્ત ન થાય કેમ કે વસ્તુ સહજ છે. મારા પ્રયત્નમાં ક્યાંક કચાશ છે, કોઈ ઠેકાણે ક્યાંક વીર્ય અટકી ગયું છે,–એમ તપાસ કરે પણ હઠ કરે કામ ન લાગે. શ્રી ઋષભદેવ ભગવાનને ૮૩ લાખ પૂર્વ સુધી ચારિત્ર ન આવ્યું!–કેમ કે સહજપણે પુરુષાર્થ કામ કરે તેમ કર્યું.

અંતરમાં ડૂબકી મારવાનો જેટલો પુરુષાર્થ જોઈએ તેથી ઓછો છે માટે હઠ ન કરે કે મારે અંતમુહૂર્તમાં કેવળજ્ઞાન જોવે! તેથી કહ્યું કે ખોટી ઉતાવળ કામ ન લાગે. ખોટી એટલે?–કે અંદર પુરુષાર્થ કરે તો કામ થાય. કેટલાક કહે છે કે સમકિત થયા પછી ચારિત્ર ન થયું તો શું કામનું?–પણ ભાઈ હઠથી ચારિત્ર ન થાય. સહજપણે થાય તે થાય, ખોટી ઉતાવળ કામ ન કરે. બહુ સમજવા જેવી આ વાત છે. ❈ ❈ ❈

## બુદ્ધિના ઉઘાડ આદિમાં ન સંતોષાતાં

# અંતરનાં તળિયાં તપાસીને આત્માને ઓળખ

**અંતરનાં તળિયાં તપાસીને આત્માને ઓળખ. શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી 'મેં ઘણું જ કર્યું છે' એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટયો તેમાં નવીન શું ? તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી. ૪૫.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

એક સમયની પર્યાય તો ઉપર છે પણ તેની સમીપમાં તળિયે જે ધ્રુવ છે તેને તપાસીને આત્માને ઓળખ, આત્માને ઓળખવાનો એ જ ઉપાય છે. પર્યાયની પાછળ જે ધ્રુવ છે તેને તપાસીને આત્માને ઓળખ. પર્યાયને ને રાગને તપાસીને આત્મા નહીં ઓળખાય. દયા–દાન આદિના શુભ પરિણામ કે શાસ્ત્રની ધારણા આદિનો થોડો પુરુષાર્થ કરીને મેં ઘણું કર્યું એમ માની લે, પણ એ કોઈ મૂળ ચીજ નથી.

શુભ પરિણામમાં તેમજ ધારણા આદિ કરીને તેમાં રોકાઈ જાય છે કે મેં ઘણું જ કર્યું છે પણ એ કોઈ ચીજ નથી. અંતરના તળિયે ધ્રુવ છે તેને તપાસવાનું છે, ત્રિકાળી ધ્રુવને પકડવો–જ્ઞાનમાં લેવો એ કરવાનું છે. એ કરવું તો પડયું રહ્યું ને શાસ્ત્ર ધારણા કરીને આગળ વધવાને બદલે તેમાં રોકાઈ જાય પણ એ કાંઈ વસ્તુ નથી.

( હે કલ્પવેલી માતા ! ૩૦. )

( હે જ્ઞાનવાહિની માતા ! ૩૧. )

જ્યાં ધ્રુવ ચૈતન્ય તળિયું છે ત્યાં ન પહોંચે ને ધારણા આદિમાં સંતોષાઈ જાય તે ત્યાં રોકાઈ જાય છે. મુદ્દાની રકમની આ વાત છે. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણા કરી શકે, પ્રશ્નનો ઉત્તર તાત્કાલિક આપી શકે એટલે એને એમ થઈ જાય કે હું આગળ વધી ગયો. તેથી તે ત્યાં સંતોષાઈ જાય છે ને આગળ વધી શકતો નથી ને એનું જીવન અફળ જાય છે.

જ્ઞાનની પર્યાયમાં શાસ્ત્ર આદિની ધારણા કરી લે છે, ધારણાથી યાદ રહે, ક્ષયોપશમનો ઉઘાડ હોય તો અગિયાર અંગને નવ પૂર્વ યાદ રહે, પણ તેથી શું? જ્ઞાયકસ્વરૂપ ભગવાનની સન્મુખ થાય નહીં ને ધારણામાં સંતોષાઈ જાય તો રખડી મરશે. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે ને પૂછે ત્યાં ફડાક દઈને જવાબ આપે–પણ તેથી શું બાપુ! જ્યાં ધ્રુવ તળિયું છે ત્યાં જાય નહીં ને ઉપર ઉપર એવી ધારણા આદિમાં અટકી જાય તેને વસ્તુ હાથ નહીં આવે બાપુ! પરલક્ષી ધારણામાં સંતોષાઈ જાય પણ એ તો બધા થોથા છે.

એક ધારણા ને સાધારણ શુભભાવમાં આવ્યો પણ અનંત અનંત આનંદનું જે તળિયું છે, અનંતગુણનું જે એકરૂપ તત્ત્વ છે તેના તરફ લક્ષ છે નહીં તેથી તે બુદ્ધિના ઉઘાડમાં સંતોષાઈ જાય ને અટકી જાય છે. પરંતુ જે જ્ઞાની છે તેને આખું તત્ત્વ મહાપ્રભુ, અગાધ ગંભીર, મહાસાગર છે તેની દ્રષ્ટિ થઈ છે તેથી તે અંશ દશામાં અટકતો નથી. સ્વના આશ્રયે સાચું મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન થાય એ પણ કેવળજ્ઞાન પાસે એક અંશ છે તેથી તેમાં જ્ઞાની અટકતો નથી.

આહાહા! અટકવાના ઘણા સાધન છે ને છૂટવાનું એક સાધન છે. ચૈતન્યની સન્મુખ થવું તે છૂટવાનું સાધન છે, બાકી ધારણા ને અભિમાન આદિ અટકવાના સાધન છે. જ્ઞાનનો દરિયો, પૂરણ સ્વભાવ, તેની પાસે બાર અંગનું જ્ઞાન એક અંશ છે, સ્થૂળ કથન કરનારું છે. તેથી જ્ઞાનીને પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ જે સ્વભાવ હતો તે પ્રગટયો છે, તેમાં નવું શું? એટલે જ્ઞાનીને અભિમાન થતું નથી. પર્યાયની અપેક્ષાએ જે ન હતી તે પ્રગટી છે પણ એ અંશ ક્યાંય બહારથી આવ્યો છે? એ તો સ્વભાવમાં હતો તે પ્રગટ થયો છે, તેમાં નવીન વિશેષતા શું?

અગાધ વસ્તુની ખબર વિના તને શેના અભિમાન છે?–ને શેમાં તું સંતોષાઈ જાય છે ભાઈ! જ્ઞાનીને તો ત્રણકાળ ને ત્રણલોકને જાણતી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટે તોપણ અભિમાન થતું નથી, કેમકે સ્વભાવમાં હતું તે પ્રગટ થયું છે.

# જ્ઞાનને સૂક્ષ્મ કરીને સ્વભાવને પકડ

**જે જીવને પોતાના સ્થૂલ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે? ને સૂક્ષ્મ પરિણામ પકડે નહિ તો સ્વભાવ ક્યાંથી પકડાય? જ્ઞાનને સૂક્ષ્મ-તીક્ષ્ણ કરીને સ્વભાવને પકડે તો ભેદવિજ્ઞાન થાય. ૫૯.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

પોતાના સ્થૂલ પરિણામને પકડવામાં જે જીવનું જ્ઞાન કામ ન કરે એટલે કે શુભાશુભના સ્થૂલ પરિણામને પકડી ન શકે તે જ્ઞાનની વર્તમાન પર્યાય જે સૂક્ષ્મ છે તેને પકડવામાં કઈ રીતે કામ કરે? જ્ઞાનની પર્યાય જે સૂક્ષ્મ છે તેને ક્યાંથી પકડે? આત્માના ગુણની–અનંતગુણની જે વર્તમાન પર્યાય છે તે સૂક્ષ્મ છે તેને તે જ્ઞાન ક્યાંથી પકડે? અને સૂક્ષ્મ પરિણામને પકડે નહીં તે સ્વભાવને ક્યાંથી પકડે?

શુભાશુભ ભાવ તો સ્થૂલ છે, તેને જે જ્ઞાન પકડી ન શકે તે સૂક્ષ્મ પરિણામને ક્યાંથી પકડે ને તે સ્વભાવને ક્યાંથી પકડે? એટલે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે જે વ્યક્ત દશામાં આવતો નથી એવો સૂક્ષ્મ સ્વભાવ છે તે ક્યાંથી પકડાય?

શરીરાદિના પરિણામને મારા માને એ તો મિથ્યાદૃષ્ટિ છે પણ જેને શુભાશુભ સ્થૂલ પરિણામને જાણતા ન આવડે એટલે કે જાણીને મારા માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે અને એ સ્થૂળ પરિણામને પણ પકડી શકતો નથી તો પોતાની જેને સૂક્ષ્મ પર્યાયો છે તેને શી રીતે પકડશે?–એટલે કે તેને તો પર્યાયદૃષ્ટિના પણ ઠેકાણા નથી તો એ જ્ઞાનની પર્યાય સૂક્ષ્મ દ્રવ્યસ્વભાવ કે જે અપ્રગટ જ્ઞાયક તત્ત્વ છે તેને શી રીતે પકડશે?

વિકલ્પ છે તેને હું કરું એ તો મરવું છે કેમ કે જ્ઞાનસ્વભાવ છે તે તો

( હે પ્રભાવનાશાળી ધર્માત્મા ! ૩૭. )

( હે પ્રશમમૂર્તિમા પવિત્રાત્મા ! ૩૮. )

જાણનાર છે તેના બદલે તેને સ્થૂળ પરિણામનું કર્તૃત્વ સોંપવું એ તો આત્માની હિંસા છે કેમ કે જ્ઞાતા–દ્રષ્ટા ત્રિકાળી સ્વભાવ છે તેનો તેણે નકાર કર્યો, પોતાની હિંસા કરી છે.

પોતામાં થતાં શુભાશુભ ભાવને પણ પકડવામાં જે જ્ઞાન કામ ન કરે તે જ્ઞાન પોતાના સૂક્ષ્મ પરિણામને ક્યાંથી પકડી શકે ? અને તો તે જ્ઞાન એ પરિણામથી ભિન્ન છે એવા અવ્યક્ત જ્ઞાયક ભગવાનને ક્યાંથી પકડી શકશે ? માટે જ્ઞાનને સૂક્ષ્મ કરીને એટલે કે વર્તમાન જ્ઞાનની પર્યાયને સૂક્ષ્મ ને તીક્ષ્ણ કરીને સ્વભાવને પકડ. આહાહા ! થોડા શબ્દોમાં આ શું કહે છે ?–મોટો અગિયાર અંગનો ભણેલો હોય તોપણ એકવાર ઘા ખાઈ જાય કે આ થોડા શબ્દોમાં શું છે ?

જ્ઞાનને સૂક્ષ્મ કરીને સ્વભાવને પકડે તો રાગથી તો ભેદજ્ઞાન થાય પણ પર્યાયથી પણ ભિન્ન ભેદજ્ઞાન થાય. પરના ઉપયોગમાં જે જોડાઈ ગયો છે તે સ્થૂળમાં જોડાઈ ગયો છે. અહીં તો અંતરમાં ત્રિકાળી સ્વભાવ પકડાય એમ જ્ઞાનના સૂક્ષ્મ પરિણામ કરી લે એમ કહ્યું છે. કેમકે જ્ઞાનને સૂક્ષ્મ ને તીક્ષ્ણ કરી લે તો સમ્યગ્દર્શનનો આ ઉપાય છે.

વ્રત, તપ, જપ આદિ સ્થૂળ પરિણામ છે એમ પણ જે જ્ઞાનમાં જાણવાની તાકાત નથી તો એ જ્ઞાનની પર્યાય પોતાની સૂક્ષ્મ પર્યાયને કે જે વ્યક્ત છે, પ્રગટ થઈ છે તેને શી રીતે જાણશે ? અને તો તે ધ્રુવને કઈ રીતે પકડશે ? એટલે જ્ઞાનને એવું સૂક્ષ્મ બનાવ કે રાગથી તો ભેદજ્ઞાન થાય પણ પર્યાયથી પણ ભેદજ્ઞાન કરીને ધ્રુવ સ્વભાવને પકડે.

અરેરે ! અનંતકાળે આ મનુષ્યપણું મળ્યું ને જો જ્ઞાનને સૂક્ષ્મ કરીને ધ્રુવસ્વભાવે પકડશે નહીં તો ક્યાં રખડશે ? ને ક્યારે એને ઉગરવાના આરા આવશે ભાઈ !

[ મુનિરાજની સ્વરૂપની લીલા...૨ પાનાથી ચાલુ ]

સ્વયંભૂ સ્વરૂપ આત્માની લીલા કોઈ અલૌકિક છે. રાગની એકતા તોડીને નિજ સંપદા પ્રગટ કરી, સ્વરૂપની એકતા ને રાગની વિભક્તતા થઈ ત્યાં ખજાના ખુલી ગયા છે. એવો જીવ શુભ કે અશુભભાવમાં આવી જાય છતાં એ જીવ ધ્યાનમાં બેસે ત્યાં નિર્વિકલ્પ થઈ જાય છે. એવી તો સ્વરૂપની અજબ-ગજબની લીલા છે. સમ્યગ્દષ્ટિને અંતરની સ્વરૂપની લીલા જાગી ઊઠી છે. તે લડાઈ આદિમાં આવી જાય છતાં તેનો આત્મા તેને દૃષ્ટિમાં તાબે થઈ ગયો હોવાથી દૃષ્ટિમાં આત્મા આવી ગયો હોવાથી બીજે સમય અંતરમાં ઊતરી જાય, ધ્યાનમાં બેસે ત્યાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ થઈ જાય. એ સમ્યગ્દષ્ટિની અંતર લીલા છે.

કોઈ જીવ તો નિગોદમાંથી નીકળી એકાદ ભવ કરીને અહીં માણસ થઈને આઠ વર્ષની ઉંમરે સમ્યગ્દર્શન પામે ને તુરત ને તુરત નવકોટિએ ત્યાગ કરીને મુનિ થાય અને તેમાં સ્થિર થઈને અંતર્મુહૂર્તે કેવળ પામીને આયુષ્ય પૂરું થતાં સિદ્ધ થઈ જાય. એવી જ સ્વરૂપની લીલા જાત્યંતર છે. અહીં બહેને મુનિની વાત લીધી છે. મુનિરાજ અનંતાગુણના ખીલેલા ચૈતન્યના બાગમાં રમતાં રમતાં કર્મના ફળનો નાશ કરે છે. મુનિરાજ અતીન્દ્રિય આનંદના ફળને વેદે છે તેથી કર્મનો ઉદય આવીને ખરી જાય છે. ભગવાન આત્મામાં જેની લીનતા જાગી છે, જેને અનંતાગુણો ખીલી ઊઠયા છે એવા આત્મબાગમાં રમતાં રમતાં મુનિરાજ કર્મના ફળનો નાશ કરે છે.

પહેલાં બાહરમાં આસક્તિ હતી તેને તોડીને મુનિરાજ અતીન્દ્રિય-આનંદમાં મંથર-લીન થયા છે. એ સ્વરૂપ જ મુનિરાજનું આસન છે. ઉદાસીન છે એટલે કે રાગમાં જેનું આસન નથી પણ પૂર્ણાનંદનો નાથ તેનું આસન છે, ત્યાં વિશ્રામ લીધો છે. શુદ્ધ આનંદઘનના નાથમાં જ તેની બેઠક છે. પ્રભુની પ્રભુતામાં તેની લીનતા થઈ છે, ત્યાં બેઠા છે. અંતરના આનંદની રમતમાં જે ચઢયો છે તેની બેઠક સ્વરૂપમાં છે, વ્યવહાર વિકલ્પમાં તેની બેઠક નથી. આહાહા ! ભાષા સાદી છે, ટૂંકી છે પણ અંદર ભાવ ઘણા છે.

મુનિરાજનું આસન સ્વરૂપ છે, સ્વરૂપ જ નિદ્રા છે. જેમ ઊંઘમાં ઘોરે છે ને ! તેમ મુનિરાજ સ્વરૂપમાં ઘોરે છે. તેમનો ખોરાક જ સ્વરૂપ છે. મુનિરાજને અતીન્દ્રિય આનંદનો ખોરાક હોય છે. ઋષભદેવ મુનિરાજને છ માસ સુધી આહાર લેવા જવા છતાં યોગ્ય વિધિના અભાવથી આહાર ન મળ્યો ને ?-કે ઋષભદેવ

( નિજાનંદરસિક ધર્મરત્ન ! ૩૫. )

( મુક્તિપંથના પાવન પથિક ! ૩૬. )

મુનિરાજને અતીન્દ્રિય આનંદનો ખોરાક નિરંતર હતો. સ્વરૂપનું સમ્યગ્દર્શન ને જ્ઞાન થયું ને એ ઉપરાંત ઉગ્ર ચારિત્ર દશા થઈ છે એવા મુનિરાજ તો અતીન્દ્રિય આનંદના જ કોળીયા લે છે.

સમ્યગ્દ્રષ્ટિને પણ સ્વરૂપની લીલા છે પણ તેને હજી રાગનો ભાવ આવે છે, માને છે હેય, રાગ આવે તેમાં એકતાબુદ્ધિ નથી. જેને વિશેષ આનંદની દશા છે તેવા મુનિરાજને સ્વરૂપમાં જ લીલા છે. જ્ઞાનીઓને ત્રિકાળીનો જ આદર વર્તે છે, ત્યાં જ વિચરે છે. સંતો એને કહીયે કે જે આનંદમાં વિચરે છે ને વીતરાગતા સંપૂર્ણપણે પ્રગટાવી લીલામાત્રમાં શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટાવે છે. ભરત ચક્રવર્તી ધ્યાનમાં બેઠા, સ્થિર થયા ને શ્રેણી માંડી તુરંત કેવળજ્ઞાન પામ્યા.

---

[ આગમ-મહાસાગરનાં...પેજ ૩૬ થી ચાલુ ]

**ઉન્મજ્જન (-ઉપર લાવવી) તેમ જ નિમજ્જન (-બુડાડવી) કરવાનું સામર્થ્ય તે પ્રાકામ્યઋદ્ધિ છે.**

**(૭) ત્રૈલોક્યનું પ્રભુપણું પ્રગટ કરવાનું સામર્થ્ય તે ઈશિત્વઋદ્ધિ છે.**

**(૮) દેવ, દાનવ, મનુષ્ય વગેરે સર્વ જીવોને વશ કરવાનું સામર્થ્ય તે વશિત્વઋદ્ધિ છે.**

**(૯) પર્વતાદિકની વચ્ચે આકાશની માફક ગમન-આગમન કરવાની શક્તિ-જેમ આકાશમાં ગમન-આગમન કરે તેમ પર્વતમાં ગમન-આગમન કરવાનું સામર્થ્ય તે અપ્રતિઘાતઋદ્ધિ છે.**

**(૧૦) અદ્રશ્ય હોવાનું સામર્થ્ય તે અંતર્ધાનઋદ્ધિ છે.**

**(૧૧) યુગપત્ અનેક આકારરૂપ શરીર કરવાનું સામર્થ્ય તે કામરૂપિત્વઋદ્ધિ છે.**

**-આમ અનેક પ્રકારની વિક્રિયાઋદ્ધિ છે.**

( શ્રી ભગવતી આરાધના તથા શ્રી મોક્ષશાસ્ત્રમાંથી )

**નોંધઃ- અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સમજાવ્યો છે. પરંતુ જીવ શરીરનું કે બીજા કોઈ દ્રવ્યનું કાંઈ કરે છે એમ ન સમજવું. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરી શકે નહિ. શરીર આદિ પરદ્રવ્યની જ્યારે તેવા પ્રકારની અવસ્થા થવા લાયક હોય ત્યારે જીવના ભાવ જીવના કારણે તેને અનુકુળ હોય-એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અહીં બતાવ્યો છે-એમ સમજવું.**

( શી મુદ્રા ચંદ્રની ધાર, અમૃત-નિર્ઝરણી; )



[ જ્ઞાયકને પરમાર્થે...પેજ ૩૫ થી ચાલુ ]

છે કે જેમાં પર્યાયનો વેષ નથી ને પર્યાયની અપેક્ષા નથી એવું નિર્લેપ તત્ત્વ છો. અસ્તિ મૌજુદગી એકરૂપ રહેનારું જે તત્ત્વ છે તેને પર્યાયની અપેક્ષા કેમ હોય ?

પૂરણતા-અપૂરણતા તો પર્યાયમાં જાય છે, વસ્તુ તો એકરૂપ ત્રિકાળી છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે કે જેમાં સમ્યગ્દર્શનનો વેષ નથી કે અપેક્ષા પણ નથી. મલિન પર્યાય તો હું નથી પણ નિર્મળ પર્યાય પણ હું નથી. હું તો ત્રિકાળ જ્ઞાયક છું. દ્રવ્યતત્ત્વ ને પર્યાયતત્ત્વ ભિન્ન-ભિન્ન છે. કેવળજ્ઞાનની પર્યાય ને ત્રિકાળી દ્રવ્ય ભિન્ન-ભિન્ન તત્ત્વ છે જે કદી ઝાંખી થતી નથી ને વૃદ્ધિ પામતી નથી એવી જીવતી જાગતી જ્યોતિ અંદર બિરાજે છે, તેને કોઈ પર્યાયની અપેક્ષા નથી.

મુનિદશા, ત્રણ કષાયનો અભાવ, વીતરાગી પર્યાય, પ્રચુર સ્વસંવેદનરૂપ દશા એ જ્ઞાયકતત્ત્વમાં નથી. પર્યાય પર્યાયમાં છે, પર્યાય દ્રવ્યમાં આવતી નથી ને દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. ધ્રુવ, જ્ઞાયક ધ્રુવ એકરૂપ ત્રિકાળ તેમાં મુનિદશા નથી-નિશ્ચય મોક્ષમાર્ગ નથી. દ્રવ્યમાં મુનિપણું કેમ હોય ? નિશ્ચય મોક્ષમાર્ગ અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન એ તો પર્યાય છે, જ્ઞાયકતત્ત્વમાં પર્યાયનો વેષ ન હોય.

કેવળજ્ઞાનની પર્યાય છે તે આત્માને નથી. એકરૂપ અખંડ વસ્તુને કેવળજ્ઞાનની પર્યાયનો વેષ નથી. અહીં પ્રયોજન જ્ઞાયકની દ્રષ્ટિ કરાવવાનું છે, પર્યાયદ્રષ્ટિ છોડાવી જ્ઞાયકની દ્રષ્ટિ કરાવવી છે. જ્ઞાયકતત્ત્વને દ્રવ્યવેષ છે પણ પર્યાયવેષ નથી. કાયમી, હલચલ વિનાની સ્થિર એકરૂપ વસ્તુ છે. જેમાં કેવળજ્ઞાનની પર્યાય નથી એવી ચીજ તું છો. વિકારના કે અવિકારના ગમે તેટલા ભેખ ધારણ કરે પણ એ પર્યાયનો ભેખ છે, વસ્તુમાં એ ભેખ નથી.

પ્રભુ ! તું રાગનો ભેખ ધારણ કરે તોપણ એ તારી ચીજમાં નથી ને મુનિપણારૂપ ભેખ ધારણ કરે-મોક્ષમાર્ગની દશા પ્રગટ કરી હોય તોપણ એ તારી ચીજમાં નથી. પ્રભુ ! તારી જે ચીજ છે અખંડ જ્ઞાયક તે સમ્યગ્દર્શનનો વિષય છે. આત્મા મુનિ છે કે કેવળજ્ઞાની છે કે સિદ્ધ છે એવી એક પણ પર્યાયની અપેક્ષા જ્ઞાયકને નથી. પર્યાય વ્યવહારનયનો વિષય છે ને દ્રવ્ય દ્રવ્યાર્થિકનયનો વિષય છે. બન્ને વિષય ભિન્ન-ભિન્ન છે. સિદ્ધની પર્યાય જ્ઞાયકભાવમાં નથી. એકરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ એ એની સ્થિતિ છે, એ એનું રૂપ છે એને કોઈ પર્યાયનો વેષ નથી તે સમ્યગ્દર્શનનો વિષય છે. દ્રવ્યલિંગ, નગ્નપણું કે યતિના બાહ્ય ધર્મ ચિહ્નો

( હે એકલ નિજ-નંદનવન-સુવિહારિણી માતા ! ૩૯. )
( ૪૦. ! માતા સુખકારિણી સુખ હે )
( ઉર સૌમ્ય સરલ સુવિશાળ, નેનન ભયહરણી. )

( કરી બાળવયે બહુ જોર, આત્મધ્યાન ધર્યું; )



જ્ઞાયકમાં છે જ નહીં એમ અલિંગગ્રહણમાં આવે છે. સમ્યગ્દર્શનનો જે વિષય છે તેને કોઈ પર્યાયનો વેષ નથી, ને કોઈ પર્યાયની અપેક્ષા નથી.

સમ્યગ્દર્શનના ધ્યેયરૂપ જ્ઞાયકને, સમ્યગ્દર્શનના વિષયરૂપ જ્ઞાયકને પર્યાયનો વેષ નથી કે પર્યાયની અપેક્ષા નથી. મુનિ–ભાવલિંગપણું એ પણ પર્યાયનો ભેખ છે, આત્મામાં એ ભેખ નથી. પરમાત્મપ્રકાશની ૮૮મી ગાથામાં કહ્યું છે કે ધર્મી એમ માને છે કે મારા જ્ઞાયકભાવમાં કોઈ લિંગ –નગ્નપણું, પંચમહાવ્રત આદિ તો નથી પણ ભાવલિંગપણું–કે જે વીતરાગ નિર્વિકલ્પ દશા છે–તે પણ જ્ઞાયકભાવમાં નથી, કેમ કે એ પર્યાય છે. મુનિનું ભાવલિંગ જે મોક્ષનો માર્ગ છે, વીતરાગી શાંતિરૂપ ભાવલિંગ કે જે મોક્ષનું સાધક છે તેને ઉપચારથી ત્રિકાળી જ્ઞાયકભાવનું કહેવામાં આવે છે તોપણ ખરેખર એ દશા જ્ઞાયકભાવમાં નથી. ધ્રુવ નિત્યાનંદ પ્રભુને સિદ્ધની પર્યાયનો પણ ભેખ નથી.

આત્મા મુનિ છે કે કેવળજ્ઞાની છે કે સિદ્ધ છે એવી એક પણ પર્યાયની અપેક્ષા જ્ઞાયકભાવને નથી. સ્વપરપ્રકાશક પર્યાય પણ જ્ઞાયકભાવમાં નથી. ભાવલિંગપણાની અપેક્ષા કે જે અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનરૂપ વૈભવ છે એની અપેક્ષા જ્ઞાયકભાવમાં નથી. સ્વપરપ્રકાશક ત્રિકાળી શક્તિ જ્ઞાયકની કહેવાય પણ સ્વપર પ્રકાશકપણારૂપ કાર્ય છે એ તો પર્યાય છે, તે જ્ઞાયકભાવમાં નથી.

મોક્ષનો માર્ગ અને મોક્ષની પર્યાય પર્યાય તરીકે ભલે હો પણ જ્ઞાયકભાવમાં એ નથી. નિયમસાર ગાથા ૩૮માં એમ કહ્યું કે પર્યાય વિનાની જ્ઞાયક ચીજ તે આત્મા છે. કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે ને ભગવાન ત્રિકાળી જ્ઞાયક અવિનાશી છે અને એ ત્રિકાળી જ્ઞાયકભાવને નિશ્ચય આત્મા કહ્યો છે. સમયસાર ગાથા ૩૨૦ માં કહ્યું છે કે ભગવાન આત્મા બંધને કરતો નથી, મોક્ષને કરતો નથી ને બંધ–મોક્ષના માર્ગને પણ કરતો નથી. ઉદયને પણ જાણે, બંધ, સંવર, નિર્જરા, મોક્ષને પણ જાણે છે, કરતો નથી. એકરૂપ સદ્રશ ત્રિકાળી છે તેને નિશ્ચય આત્મા કહ્યો છે ને તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

બંધ–મોક્ષ ને તેના માર્ગની પર્યાય છે તે નાશવાન છે, તેથી ત્રિકાળીને નિશ્ચય આત્મા કહ્યો છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે, તેને દ્રવ્ય કરતું નથી કે તે પર્યાય દ્રવ્યમાં નથી. અહીં પણ બેનના બોલમાં છે કે મુનિપણું, કેવળજ્ઞાન કે સિદ્ધપદ એ તો પર્યાય છે, એ તો ક્ષણિક છે ને ધ્રુવ જ્ઞાયક છે તે ત્રિકાળી છે, એવું જે

[ અનુસંધાન પેજ ૨૫ ઉપર ]

( સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું. )

( હે સકલ દ્રવ્યનાશિની માતા ! ૪૧. )

( હે શ્રુતમંગળભાવિની માતા ! ૪૨. )

# હે જીવ ! અત્યારે પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરીશ ?

**અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે. કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડયો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે ? હે જીવ ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહીં મળે. ૬૦.**

[ ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

અનાદિ કાળથી જન્મ-મરણની ગતિની કતાર કરતો કરતો ભમતો ભમતો, મારો પ્રભુ સુખનો સાગર છે એવી ખબર નહીં હોવાથી, સુખની ઝંખનામાં વિષયોની પાછળ એટલે કે શબ્દ, સુંદર રૂપ, પૈસા આદિ વિષયોની ઝંખનામાં દોડતો, આનંદનો સાગર પોતે છે ત્યાં જોવા નવરો પડતો નથી તેથી ત્યાં ગતિ કરવાની સૂઝ પડતી નથી અને અનંત દુઃખને વેઠતો રહે છે.

કોઈ વાર સાચું સુખ બતાવનારા મળ્યા તો શંકા કરીને અટકે છે કે આત્મામાં સુખ છે ?–તો અમને સુખ કેમ મળતું નથી ?–એમ શંકાથી અટકી ગયો. કોઈ વાર સાચું સુખ દેખાડનારા મળ્યા તો એ તો ઝીણી વાતો કર્યા કરે છે કે આત્મા આવો આત્મા આવો–પણ એવો માર્ગ ન હોય એમ તેની અવગણના કરીને અટક્યો. કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના બહારની વાતોમાં અટકી ગયો ને કોઈ વાર થોડો


( હે પરમ કલ્યાણીની માતા ! ૪૩. )
( હે ઋષભ-તેજસ્વિની માતા ! ૪૪. )

( સીમંધર-ગણધર-સંતનાં, તમે સત્સંગી; )



( હે સ્વાનુભૂતિવિભૂષિત માતા ! ૪૫. )

( હે પ્રશાધારી મહિલા રત્ન ! ૪૬. )

પુરુષાર્થ કર્યોને શુભભાવમાં અટકીને પાછો પડયો. વાંચન–મનન આદિનો પુરુષાર્થ કર્યો પણ અંદર જવાનો પુરુષાર્થ કરવો જોઈએ તે ન કર્યો તેથી ત્યાંથી અટકીને પડયો. દ્રવ્યસંયમ પાળ્યા, ગ્રૈવેયક ગયો ને ફરી પાછો પટકાયો.

આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંતવાર અટક્યો. અત્યારે યુવાની છે માટે કમાઈ લઈએ. પછી ધરમ કરશું–એમ પછી પછીમાં રહી ગયો. વૃદ્ધાવસ્થામાં ધર્મ કરશું ને વૃદ્ધ થતાં રોગ આદિમાં સલવાય ને સ્વરૂપ મેળવતાં રહી જાય. અટકવાના અનેક સ્થાનો છે તેથી જ્યાં ને ત્યાં અટકીને સ્વરૂપને મેળવતાં અનંતવાર અટક્યો. આટલું જાણપણું તો આપણને છે ને?–એ જાણપણું હળવે હળવે કામ કરશે એમ અટક્યો.

પૂર્વના પુણ્યના કારણે આ માનવ દેહ મળ્યો, આવા સત્પુરુષનો સુયોગ પામ્યો. હવે જો પુરુષાર્થ નહીં કરે તો ક્યારે કરીશ? આવું જેણે સાંભળ્યું ને જેણે લક્ષમાં લીધું તો એવો કોણ જીવ હશે કે જે પુરુષાર્થ નહિ કરે? માટે હે જીવ! તું પુરુષાર્થ કર. અંદર આનંદનો નાથ છે તેના તરફનો પુરુષાર્થ કર. અનંત ગુણની રાશિ મહાપ્રભુ, ચૈતન્યના રત્નોનો દરિયો ભર્યો છે તેના તરફનો પુરુષાર્થ કર, કેમકે આવો જોગ અને આવા સત્પુરુષ ફરી ફરી અનંતકાળે પણ નહીં મળે. રાગથી ભિન્ન પડીને સ્વરૂપની દ્રષ્ટિ કરવાની છે એ કરી લે. ❄ ❄

[ અનુસંધાન પાના ૨૩ થી ચાલુ ]

એકરૂપ સદ્રશ ધ્રુવ છે કે જેમાં દ્રવ્યલિંગ, ભાવલિંગ, કેવળજ્ઞાન કે સિદ્ધપણું નથી તેને નિશ્ચય આત્મા કહે છે.

જ્ઞાયકભાવ છે તે અપરિણામી ત્રિકાળી ચીજ છે, હલચલ વિનાની ધ્રુવ એકરૂપ ચીજ છે તે આશ્રય કરવા લાયક ચીજ છે. સમ્યગ્દ્રષ્ટિની દ્રષ્ટિ સદાય ધ્રુવ ઉપર રહે છે, જો પર્યાય કે વિકલ્પની દ્રષ્ટિ થાય, તેનો આશ્રય કરે તો તે મિથ્યાદ્રષ્ટિ છે.

જાણવું એ તો પરિણમન છે ને વસ્તુ એ તો અપરિણામી ત્રિકાળી છે. ચૌદે ગુણસ્થાન જ્ઞાયકભાવમાં નથી. પર્યાય પર્યાયમાં છે ખરી હો, બન્ને વિષય–પર્યાય અને જ્ઞાયકભાવ છે ખરા પણ પર્યાય પર્યાયને કરે, જ્ઞાકયભાવ પર્યાયને કરતું નથી. કેવળજ્ઞાનની પર્યાય પોતાના ષટ્કારકથી થાય છે તેને દ્રવ્યની અપેક્ષા નથી.

સિદ્ધ ને મુનિપણાના માર્ગનો પણ જેમાં અભાવ છે એવા જ્ઞાયકની દ્રષ્ટિ કર. જ્ઞાયક એકરૂપ છે ત્યાં નજરબંધી કર. નજરને ધ્રુવ ઉપર લે ત્યારે તે નજરને સમ્યગ્દર્શન કહેવાય. એ સમ્યગ્દર્શન વિના વ્રત–તપ આદિ બધું કરે પણ તે ક્લેશ છે.

( અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી. )

# હે જીવ ! તને કાંઈ પણ જાણવાની ઈચ્છા થતી હોય તો તારા આત્માને જાણ.

**બધું આત્મામાં છે, બહાર કાંઈ નથી. તને કાંઈ પણ જાણવાની ઈચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર. પૂર્ણતા પ્રગટતાં લોકાલોક તેમાં જ્ઞેયરૂપે જણાશે. જગત જગતમાં રહે છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય છે. જાણનાર તત્ત્વ પૂર્ણપણે પરિણમતાં તેની જાણ બહાર કાંઈ રહેતું નથી અને સાથે સાથે આનંદાદિ અનેક નવીનતાઓ પ્રગટે છે. ૭૦.**

'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી

બધું આત્મામાં છે એટલે કે દર્શન જ્ઞાન આનંદ શાંતિ આદિ ગુણ ને દશા જે કોઈની તને મોટપ લાગે તે ગુણ ને દશા બધું આત્મામાં છે. બધું એટલે ?–કે આત્માનું બધું આત્મામાં છે એમ પહેલાં શ્રદ્ધા કર. ભગવાન પોતે કહે છે કે તારામાં તારે પોતાને આશ્રય કરવાનો છે. ક્ષેત્ર ભલે નાનું પણ તેમાં અનંત અનંત જ્ઞાન, આનંદ, બેહદ સુખ એ બધું તારામાં પડયું છે. તને મોટપ લેવાની ભાવના છે તો એ મોટપ તારામાં જ ભરી છે. સુખી થવાની જિજ્ઞાસા તને છે તો સુખથી ભરેલો તું ભગવાન છો.

ઘણાને જોવાનો તને ભાવ થતો હોય તો એ બધું જ્ઞાન તારામાં પડયું છે. પ્રભુ ! તું શરીરને ન જો, વેશને ન જો, ક્ષણિક વિકૃત અવસ્થા પર્યાય દ્રષ્ટિથી જાણવા લાયક છે, વસ્તુ દ્રષ્ટિથી જાણવા લાયક નથી. તેથી તેને પણ તું ન જો. પ્રભુ ! તારામાં બધુંય છે પણ રાગની એકતાના તાળા માર્યા છે ને ! તેથી દેખાતું નથી. રાગાદિ તારા નથી ને એની સાથે એકતા કરી છે તેથી ચૈતન્યને ખોલવાના તાળા માર્યા છે.



( હે પ્રશમમૂર્તિ ભગવતી માત ! અમ આદર્શ મૂર્તિ ! ૪૭. )
( હે ધર્મમૂર્તિ આત્મજ્ઞ સંત મહાન્ ! ૪૮. )

( જન્મવધાઈના રે કે સૂર મધુર ગાજે સાહેલડી, )



આત્મામાં બધા ગુણરત્નો પડયા છે. તને સુખ જોઈતું હોય તો ત્યાં છે, તને વિશ્વાસ જોઈતો હોય, સંતોષ જોઈતો હોય, રમણતા જોઈતી હોય તો એ બધું ત્યાં છે. તારી જે કાંઈ ચીજ તને જોઈતી હોય તો એ બધું અંદર ભર્યું છે, બહારમાં તારું કાંઈ નથી. બહારની વાતમાં તારું કાંઈ નથી.

જેનાં એક દૃષ્ટિ માત્રથી અનંત શક્તિઓ અંશે વ્યક્ત થઈ જાય એવો પ્રભુ છો ને! તેથી બહારમાં તારું કાંઈ નથી. દેવ પણ તું, ધર્મ પણ તું અને ગુરુ પણ તું છો. તને કાંઈ પણ જાણવાની ઈચ્છા છે તો તું તારા આત્માની સાધના કર. આખું લોકાલોક તેમાં જણાય એવો તું છો. માટે તારે કાંઈ પણ જાણવું હોય તો આત્માનો જાણ. જાણનારો જણાશે તો જાણનારો જાણવાની પર્યાય પ્રગટ કરશે.

પૂરણ જ્ઞાન દર્શન આદિ ભરેલો પ્રભુ છે એવું જ્ઞાન ને પ્રતીતિ થતાં, સાધના કરતાં જ્યારે પૂર્ણતા પ્રગટશે ત્યારે તેમાં લોકાલોક જણાઈ જશે. સ્વ–જ્ઞેયને જાણવાની સાધના કર તો તેમાં લોકાલોક જણાઈ જશે. જગત જગતમાં રહે છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય છે. લોકાલોક છે તે લોકાલોકમાં રહેશે, એ તારા જ્ઞાનમાં નહીં આવે છતાં તે ચીજને તારું જ્ઞાન જાણી લેશે.

હું પૂર્ણ સ્વરૂપ છું તેથી તેને સાધતા લોકાલોક સંબંધી પૂર્ણ જ્ઞાન પ્રગટશે જ. કેમ કે જાણનાર તત્ત્વ પ્રભુ છે એ પૂર્ણપણે પરિણમતા તેની જાણ બહાર કાંઈ રહેતું નથી. જાણનારો જાણવાપણે પરિપૂર્ણ પરિણમતા જેને આદિ–અંત નથી તેનું પણ તેને જાણવું થઈ જાય છે. જીવની પહેલી પર્યાય કઈ? પહેલા સિદ્ધ કોણ? ચાર ગતિમાં જીવની પહેલી ગતિ કઈ? છતાં જાણનારો જાણવાપણે પૂર્ણપણે થાય ત્યારે તેની જાણ બહાર કાંઈ રહેતું નથી. ક્ષેત્રનો અંત નથી. કાળની આદિ અંત નથી. છતાં જાણનારો પૂર્ણપણે પરિણમે ત્યારે તેની જાણ બહાર કાંઈ રહેતું નથી. અને સાથે સાથે આનંદ, શાંતિ અને અનેક પર્યાયો જે કદી પ્રગટી નથી એવી નવીન પર્યાયો પ્રગટે છે.

( કે પ્રભાવશાળી ધર્મરત્ન! ધન્ય. )
( ધન્ય! વિભૂતિ દિવ્ય રાચનાર મુમુક્ષુ કે )
( તેજબાને મંદિરે રે કે ચોઘડિયાં વાગે સાહેલડી; )

# ‘બહેનશ્રીનાં વચનામૃત’ વિશે પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉદ્ગારો

( પ્રવચનોમાંથી )

* જગતના ભાગ્ય કે આવી સત્ય વાત બહાર આવી.
* શબ્દો ટૂંકા છે પણ ભાવ બહુ ઊંચા છે
* ભાષા મીઠી છે, સાદી છે પણ ભાવો ઊંડા ને ગંભીર છે
* દિવ્યધ્વનિનો આ અવાજ છે.
* આ તો લાખો શાસ્ત્રોનો નિચોડ છે, કેમ કે લાખો શાસ્ત્રોને સ્વનો આશ્રય કરાવવો છે.
* બેનના વચનો છે એ ભગવાનની વાણી છે, તેમના ઘરના વચનો નથી, દિવ્યધ્વનિ છે.
* આ બેનના વચનામૃતો ૪૩૨ બોલ છે. એક એક બોલ અમૂલ્ય છે, પણ સમજવા માટે તૈયારી જોઈએ.
* શબ્દો થોડા પણ ભાવ ઘણા ઊંચા છે.
* શબ્દો ભલે થોડા પણ ગંભીરતાનો પાર નહીં.
* ટૂંકામાં બહુ સરલ ભાવ ભર્યાં છે.
* અરે ! એકવાર મધ્યસ્થપણે આ વાંચે તો ખરો !
* આ તો અમૃતધારાનો વરસાદ છે.
* બેનનું પુસ્તક બરાબર ટાણે બહાર પડયું છે ૪૩ વર્ષે ! લોકો વાંચે તો એને ખબર પડે !
* ભાષા તો સાદી આવી છે પણ અંદર ભાવ ઘણા ઊંડા છે. બેનના અનુભવમાંથી અંદરથી આવેલી વાત છે. આ કોઈ ગોખી રાખેલી –ધારી રાખેલી વાત નથી.
* હજુ તો લોકો વાંચશે વિચારશે ત્યારે એની મહત્તાની ખબર પડશે કે આમાં કેટલું ભર્યું છે ?
* સિદ્ધમાં બેઠા હોય જાણે એવી વાતુ કરી છે.

( કે સ્વાનુભૂતિમસ્ત મહાત્મા ! ૫૪. )

( કે વૈરાગ્યતેજસ્વી અધ્યાત્મરત્ન ! ૫૩. )

( નયનોના તેજથી રે કે સૂર્યતેજ લાજે સાહેલડી, )



( કે શ્રુત દિયા શુદ્ધિવિકાસિની માતા ! ૫૪. )

( કે સંત શિષ્યા દ્દઢ અનુભવદાયિકા માતા ! ૫૫. )

* બેનની વાણી આવી છે તે સાર સાર તત્ત્વથી ભરેલી આવી છે. તત્ત્વદૃષ્ટિ ને અંતર અનુભવથી આવેલ વાણી છે.
* આહાહા! બેનની દશાની તો શી વાત! પણ એની નમ્રતા ને વિનયની પણ શી વાત! 'અરે! અમે આત્મા બોલતા શીખ્યા હોઈએ તોપણ અહીંથી શીખ્યા છીએ, '–એમ બેન કહે છે.
* ત્રણ લોકના નાથે કહ્યું છે તે આ બધું ભાષામાં આવેલ છે.
* થોડા શબ્દોમાં ઘણું આવ્યું છે.
* એક વાર વેદાંતી વાંચે–મધ્યસ્થપણે તો થઈ જાય કે માળું...!
* ભગવાન જે ફરમાવે છે તે બેનના આ વચન છે.
* વચનામૃત તો બાર અંગનો સાર છે.
* આ બેનના વચનો છે એ અનંત જ્ઞાનીના વચનો છે.
* ઇન્દ્રોની સમક્ષમાં અત્યારે સીમંધરદેવ જે ફરમાવે છે તે આ વાણી છે.
* સર્વજ્ઞ જિનેશ્વરની આ વાણી છે, બેન મહાવિદેહમાંથી આવ્યા છે તેના અનુભવની આ વાણી છે.
* બેનની વાણી તો અનુભવના આનંદમાંથી નીકળી છે.
* આ ચોપડી સાધારણ નથી, આમાં તો બહુ ભર્યું છે.
* આ બેનના વચનામૃત છે, અતીન્દ્રિય આનંદના વેદનમાંથી આ વાણી આવી છે.
* જિનેશ્વરદેવે જે વાત કહી છે તે વાત સંતોએ કહી છે તે આ બેનની વાણી છે.
* ભગવાન કહે છે એ બેન કહે છે ને બેન કહે છે એ ભગવાન કહે છે.
* સીમંધર ભગવાનની આ વાણી છે, બેન ત્યાંથી આવ્યા છે ને આ તે વાણી છે.
* ભગવાનની કહેલી જે ઓમકારધ્વની છે એમાંથી નિકળેલો આ સાર બેને કહેલ છે.
* બેનનું પુસ્તક વાંચીને લોકો બહુ ખુશી થાય છે. ખરે ટાણે પુસ્તક બહાર આવી ગયું છે. લોકોના ભાગ્ય છે કે આવું સરળ ને સાદી ભાષામાં છતાં ગંભીર પુસ્તક બહાર આવી ગયું છે.

( શીતળતા ચંદ્રની રે કે મુખડે વિરાજે સાહેલડી; )

# ‘બહેનશ્રીનાં વચનામૃત’ વિશે જિજ્ઞાસુઓના પ્રસન્નતા વ્યક્ત કરતાં કેટલાક ઉદ્‌ગાર



* વિંછીઆથી શ્રી હિંમતલાલભાઈ ડગલી લખે છે કેઃ–‘×××શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત પંચ પરમાગમ જેમ અમરકૃતિ છે, સોનગઢમાં રચાયેલ પરમાગમ મંદિર જેમ એક મહાન અમરકૃતિ છે, તેમ પૂ. બહેનશ્રીનાં વચનામૃત એ ભારતીય જૈન સાહિત્યની એક અમરકૃતિ છે. જેમાં સ્વાનુભૂતિના રણકાર છે, આનંદનો ઝણઝણાટ છે, મોક્ષના ભણકાર છે–એવા દરેક બોલ વારંવાર વાંચવાની ભાવના જાગે છે અને દરેક વખતે વાંચતા નવીનતા લાગે છે. ભવ્ય પાત્ર જીવોને સ્વાનુભૂતિનો દોર સાંધવામાં દરેક બોલમાંથી પુરુષાર્થની પ્રેરણા મળે છે. નિયમસારમાં આચાર્ય ભગવાને જેમ કારણપરમાત્માને મલાવ્યો છે તેમ વચનામૃતમાં કારણપરમાત્માનો અપાર મહિમા ગાઈને ધ્રુવાત્માને જગાડયો છે.

વર્તમાન યુગમાં પૂ. સદ્‌ગુરુદેવશ્રીનો મહાન ઉપકાર છે તેમ પૂ. ભગવતી માતાનો વર્તમાન જૈન સમાજ ઉપર ખરેખર અસીમ ઉપકાર છે. ભાષા સુગમ, સરળ, મીઠી અને મધુર, ભાવ ખૂબ ઊંચા અને ઊંડા! દિવ્યવાણીનું ઝરણું ઝર્યું છે. સંપ્રદાયવાળા વાંચે તોપણ તેને અનુકૂળ થાય તેવી અતિ પ્રધાન શૈલી છે. પૂ. ભગવતી માતા તો પૂજનીય છે જ પરંતુ તેમના મુખકમળમાંથી વહેલી આ વાક્‌ગંગા પણ પૂજનીય અને વંદનીય છે.

‘આનંદ તો તળમાંથી આવે તે જ સાચો છે’ એક બોલમાં કેટલું કહી જાય છે! અહો વાણી તારી મહિમા કેમ થાય!

બનાવું પત્ર ચેતનના સ્વાનુભૂતિના અક્ષરો લખી,<br>
તથાપિ માત્ર સૂત્રોનાં અંકાયે મૂલ્યના કદિ.’

* મલકાપુર (મ. પ્ર.) થી અશોકભાઈ નત્થુસા લખે છે કેઃ– પૂજ્ય ભગવતી માતાના વચનામૃત ચૈતન્યચમત્કાર બતાવનારા અનંત નિધાન બતાવનારા છે. ××× આ વચનામૃત જન્મ ઘુટી જેવા છે. મરેલાને જીવન આપે એવા છે. તથા ઉત્તમ સંસ્કારોમાં દ્રઢ નિમિત્ત થશે. ××× જગતને જ્ઞાનચક્ષુ આપનારા ગુરુદેવને અમારા કોટી કોટી પ્રણામ. ભગવતી માતાને અમારા પ્રણામ. માતાનો મહિમા અગાધ છે. ’

**∗ નાગોદ ( મ. પ્ર. ) થી ત્યાગી અમૃતલાલ જૈન લખે છે કે :-**

'××× आदरणीय धर्मरत्न चंपाबेनकी 'बेनश्रीके वचनामृत' नामक पुस्तक प्राप्त हुई, अति धन्यवाद।

कुछ दिन पूर्व मैं श्री बहिनश्रीके एक वक्तव्य पर बहुत प्रभावित हुआ था फलस्वरूप यह पुस्तक प्राप्त हुई। इस पुस्तकमें धर्म संबंधी अमृत विशेषताऐं और बहुत रुचि पूर्ण आत्मविभोर आनन्दमयी पुस्तक है, इससे बहुत लाभ मिलेगा।

अंतमें मैं श्री महावीर भगवानसे श्री धर्मरत्न चंपाबेनके दीर्घजीवी होनेकी मंगलकामना करता हूँ।'

**∗ ભારલ્ય ( જબલપુર ) થી શ્રી હરિશ્ચન્દ્ર જૈન લખે છે કે :-**

'××× आज दिन बहिनश्रीके वचनामृत नामकी पुस्तक प्राप्त की पढकर बहुत प्रसन्नता हुई। एक–एक वचन आत्मकल्याणके लिए परम उपकारी है।'

**∗ વારાણસીથી શ્રી અમૃતલાલ જૈન શાસ્ત્રી લખે છે કે :-**

'××× दि. जैन स्वाध्याय मंदिर ट्रस्ट सोनगढसे प्रकाशित 'बहिनश्रीके वचनामृत' की एक प्रति मुझे अभी–अभी प्राप्त हुई। इस उपादेय सुन्दर पुस्तकको पाकर मुझे बडा हर्ष हुआ।

इस पुस्तककी प्रतिको पानेके उपलक्षमें मैं प्रस्तुत ट्रस्टका आभार व्यक्त करता हूँ तथा श्री दि. जैन मुमुक्षुमंडल सहानपुरसे लेकर श्री गौतम शांतिलालजी बम्बई पर्यंत सभी दातारोंका हृदयसे अभिनन्दन करता हूँ, जिनका द्रव्य इस कृतिके प्रकाशनका हेतु बना। मुझे आशा है कि इस पुस्तकको पढकर पाठक लाभ उठायेंगे और वचनामृतके पानसे सन्तृप्त होंगे। श्रेयोऽन्यत!'

**∗ ચંદેરી ( મ. પ્ર. ) થી શ્રી શ્રેયાંસકુમાર જૈન લખે છે કે :-**

'××× भेंट स्वरूप बहिनश्रीके वचनामृत जिसमें पूज्य बहिनश्री चंपाबेनके प्रवचनोंसे चुने हुए अंश हैं, गागरमें सागरका मंथन है। बहिनश्रीको–शत–शत वंदना कहें।

**∗ શ્રી લાલચંદજી જૈન લખે છે કે :-**

'××× पूज्य बेनजीके वचनामृत इस भरतक्षेत्रमें अभूतपूर्व आदरणीय अनुपम ग्रन्थराजके रूपमें भव्य जीवोंके हृदय सरोवरोंको उछालनेके लिए पूनमके चन्द्रके रूपमें

उदित हुआ है। सरल, सुबोध एवं ललित भाषामें गंभीर रहस्योंको लेती हुई श्री सीमंधर एवं अनंत तीर्थंकरोंके हार्दको प्रकाशित करती हुई भव्य जीवोंके हाथोंमें आई है, जो महामोहनाशनीय है, सम्यक्त सूर्य प्रकाशिनी है। स्वरूपानन्दमें विचरण करावनारी है जिसमें दृष्टिका विषय ज्ञानका विषय है। ज्ञान–वैराग्यकी मैत्री निश्चय–व्यवहारका यथार्थ रूप, मुनिदशाका आबेहूब चित्र आत्म–प्राप्तिका अफरगामी सिद्धांत जो कि भेदज्ञान है उसका सूक्ष्म अति सूक्ष्म वर्णन आत्मार्थका यथार्थ दिग्दर्शन आदि अनेको प्रकारोंसे वर्णन शैली उनकी स्वरूपकी दिन प्रति दिन विकसित होती हुई परणतिको सुप्रसिद्ध करती हुई, ज्ञानकी तीक्ष्णता और सूक्ष्मताके द्वारा स्वरूपमें तो डोलती ही है परंतु लायक जीवोंको भी डुलाती है। दृष्टिका विषय दर्शाकर स्वरूपकी अचलता, अक्षय अमेयता, विलक्षणता, अचिन्तताको प्रकाशित करती है। द्रव्यकी व्याख्या भी अनुपम की है।

द्रव्य तेने कहेवाय के तेना कार्यो माटे बीजा साधनोंनी राह जोवी न पडे। अहो! क्या अलौकिक परिभाषा बनाई है। वर्तमान ज्ञानपरणतिमें जागतो जीव ऊभो छे ते क्यां जाय? जरुर प्राप्त थाय ज! यह मूल मंत्र सुनाकर हम जैसे पामरोंको पुरुषार्थ प्रेरक बना दिया है। सुसप्त चेतनाको स्वयंने जागृत किया है आत्म जिज्ञासुओंको जगाया है। “शुद्ध द्रव्य स्वभावनी दृष्टि करीने तथा अशुद्धताने ख्यालमें राखी ने तू पुरुषार्थ करजे तो मोक्ष प्राप्त थशे।” अहो! भेदज्ञानकी प्रखर प्रक्रिया! अनेकान्तके साथ सुसंगत दृष्टि द्वारा स्वयमेव देखते हुए स्यादवादकी अत्यन्त शुद्धिको जानकर जिननीति नहीं उलंघते हुए सत् पुरुष ज्ञानस्वरूप होते हैं, दिव्यध्वनिके सार गर्भित इस वचनामृतका जल्दीसे जल्दी हिन्दी भाषामें प्रकाशित किया जाय तो सभी जनोंको उसका भाव पकडायेगा और आत्म–हितमें निमित्त होगा और आपसे इतनी शुभकामना है कि प्रतिवर्ष पूज्य बेनजीकी जन्म–जयन्ती प्रसंग पर नया वचनामृत प्रकाशित हो तो विशेष लाभका कारक होगा और छुपे हुए रत्नोंकी कीमत भी लोगोंको मालूम पडेगी।’

*** તા. ૨૭-૭-૭૮ના ‘જૈનમિત્ર’ માં સંપાદકશ્રી લખે છે કે :-**

‘प्रकाशक दि. जैन स्वाध्याय मंदिर ट्रस्ट सोनगढ [ सौराष्ट्र ] मूल्य रु. ३–००, पृष्ठ २३३, पुस्तकाकार बडी साईज। कुन्दकुन्द कहान जैन शास्त्रमालाका पुष्प नं. १३५। बहिनश्रीके वचनामृत नामक पुस्तिकामें पूज्य बहिनश्री चंपाबेनके आध्यात्मिक प्रवचनोंका आंशिक संग्रह मात्र है। आश्रमकी कुमारिका ब्रह्मचारिणी बहिनोंने पूज्य बहिनश्रीके प्रवचनोंका संग्रह किया था उसीको पुस्तकाकार छपवा दिया गया है।

( હે ભરતક્ષેત્રની ભવ્ય વિભૂતિ માતા! હો. )

( હે મોક્ષમાર્ગના અદ્ભુત રત્ન માતા! હો. )

( સીમંધર-કુંદની રે કે વાત મીઠી લાગે સાહેલડી. )



इन प्रवचनोंमे अध्यात्मरसका झरना बहता है। प्रवचन द्रव्यद्दष्टि एवं पारमार्थिक द्दष्टिसे परिपूर्ण है। निज शुद्धात्माकी ही चर्चा है। आपका यह प्रवचन कहीं कहीं तो सूत्रोंका काम करता है। बहिनश्रीके वचनामृत गुजरातीमें दो बार छप चुके हैं यह हिन्दी प्रकाशन छपा है। जिसे आत्मकल्याण ही प्रिय है अध्यात्म–चर्चा ही इष्ट है वह तो आत्मकल्याणकी ही बात करेगा उसे जगतके प्रपंचोंसे क्या लेना देना है। प्रवचनोंमें परमागमोंका आध्यात्मिक सार भरा हुआ है।

“बहिनश्रीके वचनामृत” नामक पुस्तक १५ हजार आत्मधर्मके हिन्दी गुजराती ग्राहकोंको भेंट स्वरूप वितरित की गयी हैं।

छपाई सफाईदार, गेटप नयनाभिराम, पक्की जिल्द, बढिया प्लास्टिकका कवर। ’ ग्रन्थ प्रकाशनार्थ आर्थिक सहयोग मिलने पर मूल्य केवल रु. ३–०० ही है। “बहिनश्रीके वचनामृत” पठनीय, मननीय एवं शास्त्र–सभामें प्रवचन करने योग्य हैं।

*** કલકત્તાથી શેઠ શ્રી રતનલાલજી ગંગવાલ તથા શેઠ શ્રી પન્નાલાલજી ગંગવાલ તા. ૨૭-૯-૭૭ ના પત્રમાં લખે છે કે :-**

‘××× वचनामृत गुजरातीमें हम लोगोंने पढा यह आत्मदर्शनके लिये अलौकिक पुस्तक है, इसके बारेमें जितनी प्रशंसा की जाय वह थोडी है। ××× हम लोगोंको आपने जो आत्मकल्याणका मार्ग दरसा करके भवभ्रमणका किनारा नजदीक कर दिया, उस उपकारका बदला हम क्या दे सकते हैं?’

*** ખૈરાગઢથી શ્રી પ્રેમચંદજી જૈન લખે છે કે :-**

‘××× वास्तविकमें माताजी वचनामृतमें हाथ पकडकर मोक्षमार्गमें ले जा रहे हैं, यदि न चले तो सही स्वाध्याय नहीं किया। स्वाध्याय हो और प्रकाश न हो आश्चर्य है। वचनामृतमें तो पू. बेनश्रीकी वाणी गजब है, अद्‌भुत है, महान है, वस्तु प्राप्तिको कितना सरल–सुगम–स्पष्ट–सीधा बना दिया वह कहा नहीं जा सकता; एक ही बात एक ही रटन उत्साह–रुचि –लगन–प्रेम–महिमा–पुरुषार्थ और प्रारम्भिक भूमिकामें चाहिये भी क्या, यह ही सब मार्ग स्पष्ट और प्रत्यक्ष कर पहुँचाने वाला है। पू. बेनश्रीका जैसा तन वैसा मन वैसा वचन अद्‌भुत है और ऐसा अद्‌भुत पुस्तक पर प्रवचन भाग्यवानोंको सुननेको मिलता है। पू. बेनश्रीका उपकार अनंत असीम अपरिमित महान है–ऐसा धर्मरत्न दुनियामें अलौलिक अद्‌भुत महान है” ।

( અંતરના ભાવમાં રે કે ઉજ્જવળતા જાગે સાહેલડી; )
( હે સમ્યક્‌ત્વદાતા ગુરુ કહાન જયવંત હો. )
( હે પરમોપકારી, ધર્મરત્ન ' કહાન. )

# પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રીનો જન્મજયંતી-મહોત્સવ

અધ્યાત્મતીર્થપ્રભાવક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રસન્નવિભોર થઈ અવાર-નવાર જેમની સ્વાનુભૂતિનો તથા ધર્મસંબંધી જાતિસ્મરણજ્ઞાનઋદ્ધિનો મહિમા પ્રકાશે છે તે પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રીનો ૬૫ મો જન્મજયંતી મહોત્સવ શ્રાવણ સુદ પૂનમથી વદ બીજ સુધી સુવર્ણપુરીમાં ખૂબ જ આનંદઉલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

આ માંગલિક ત્રિદિવસીય મહોત્સવના ઉપલક્ષમાં ત્રણે દિવસ 'શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાન પૂજા' સકળ સંઘે હર્ષોલ્લાસથી વિધિપૂર્વક કરી હતી. આ વિધાનપૂજા કલકત્તાનિવાસી બાલુભાઈ બ્રધર્સવાળા શ્રી કસુંભાબેન બાલુભાઈ વોરા તરફથી રાખવામાં આવી હતી.

રક્ષાબંધનની પ્રભાતથી ત્રણે દિવસ શ્રી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમનું નભમંડળ ચોઘડિયાંવાદનથી તથા પ્રસંગોચિત મધુરાં ગીતોથી ગૂંજતું હતું. ધર્માયતનો તથા આશ્રમ વિદ્યુત દીપાવલિઓથી શણગારવામાં આવ્યા હતાં.

શ્રાવણ વદ બીજના-૬૫ મી જન્મજયંતીના આ મંગલ દિવસે વહેલાં પ્રભાતમાં આનંદભેરી સાથે જન્મવધાઈનાં મધુરાં ગીતોથી, ગગનભેદી જયકારનાં મંગલ નાદોથી તથા પૂજ્ય બહેનશ્રીનાં પાવન દર્શનાર્થે ઊમટેલાં મહિલાસમુદાયના ધસારાથી આશ્રમનું વાતાવરણ આનંદવિભોર થઈ ગયું હતું. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનાં પૂર્વભવસંબદ્ધ મહાવિદેહના નગરનું, શ્રી સીમંધરસ્વામીના સમવસરણનું તથા વર્ધમાનપુરી અને સુવર્ણપુરીના સુંદર દ્રશ્યોથી અંકિત થર્મોકોલનું સુશોભિત ચિત્રપટ દેખીને મહિલાસમાજ ખૂબ આનંદ અનુભવી રહ્યો હતો. જિનમંદિરમાં શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજાની પૂર્ણાહુતિ કરીને સકલ સમાજ પરમાગમમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રવચનસભામાં પૂજ્ય બહેનશ્રીની થનારી બહુમાન-વિધિને નીરખવા માટે એકત્ર થઈ ગયો હતો.

સવારના પ્રવચનમાં પૂજ્ય બહેનશ્રી પધારતાં મસ્તક ઉપર કળશ ધારણ



( હું અધ્યાત્મવિભૂતિ ભગવતી માતા ! ૬૪.)
( હું અનુપમ, ધર્મરત્ન ' ૬૫.)

કરેલાં બ્ર. બહેનો તથા સૌભાગ્યવંતી બહેનોએ બેન્ડવાજાના મધુરાં વાદન સહિત તેઓશ્રીનું સ્વાગત કર્યું હતું. ૬૫ સુશોભિત કમાનોમાંથી તથા પૂજ્ય બહેનશ્રીના ચિત્ર અને વચનામૃતોથી અંકિત રંગબેરંગી ૬૫ ઈલેકટ્રીક લેમ્પ–શેઈડ નીચેથી વૈરાગ્યનીતરતી મહાવિભૂતિને પસાર થતાં દેખીને સકલ સમાજ આનંદથી થનગની ઊઠયો હતો. આ શુભ પ્રસંગે બોટાદનિવાસી અ. સૌ. મંજુલાબેન શિવલાલે પ્રશમ રસઝરતી ગંભીર મુદ્રાયુક્ત બહેનશ્રીનાં ભવ્ય લલાટમાં કેસરનું તિલક કરીને તથા હાર પહેરાવીને, શ્રી શિવલાલભાઈએ તથા તેમના કુટુંબીજનોએ, પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં, પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવીને, તેઓશ્રી પ્રત્યે સકલ સમાજ વતી અતિ બહુમાન–ભક્તિ પ્રદર્શિત કર્યા હતા. ત્યારબાદ સુરેન્દ્રનગરનિવાસી શ્રી જગજીવનદાસ ચતુરભાઈ શાહના પરિવારે તથા બ્ર. શારદાબેન અને બ્ર. સુશીલાબેને પૂજ્ય બહેનશ્રીને હીરા–માણેક–મોતીથી ખૂબ ભક્તિ–ઉલ્લાસ સહ વધાવ્યાં હતાં. ત્યારબાદ મુંબઈનિવાસી શ્રી ચંપકલાલ મોહનલાલ ડગલીના પરિવારે પૂજ્ય બહેનશ્રીને તથા 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તકને હીરાથી વધાવ્યાં હતા. સ્વ. જડાવબેન નાનાલાલભાઈ જસાણીના પરિવારે, 'બહેનશ્રીનાં વચનામૃત' નું મુખ્યપૃષ્ઠ તથા કેટલાક સુંદર વચનામૃતોને ચાંદીના પાંચ પત્રોમાં કોતરાવીને પૂજ્ય ગુરુદેવશ્રીને અર્પણ કર્યા હતા.

પૂજ્ય બહેનશ્રીનાં બહુમાનનું મનોહારી દ્રશ્ય નિહાળી મુમુક્ષુઓનાં હૃદય આનંદથી ઊછળતાં હતાં. સૌનાં હૈયા ભક્તિઊર્મિથી ઉભરાતાં હતાં. પૂજ્ય ગુરુદેવશ્રીનાં ત્રિકાળી દ્રવ્યસ્વભાવના તળસ્પર્શી આધ્યાત્મિક પ્રવચન બાદ માનનીય શ્રી ખીમચંદભાઈ શેઠ તથા શ્રી ચીમનભાઈ મોદીએ તથા બોટાદવાળા કુ. અસ્મિતાબેન લખુભાઈએ પોતાનાં સંક્ષિપ્ત ભાષણમાં પૂજ્ય બહેનશ્રી પ્રત્યે સકળ સમાજ વતી શ્રદ્ધાભક્તિ વ્યક્ત કર્યાં હતાં.

પાવનકારી જન્મજયંતીની ખુશાલીમાં '૬૫' ના અંકના એકમથી રૂા. ૭૫ હજાર ઉપરાંતની રકમો જ્ઞાનપ્રચાર ખાતે જાહેર થઈ હતી. શ્રી કમળાબેન રામજીભાઈ મોટાણી તરફથી આ માંગલિક ત્રિદિવસીય મહોત્સવ દરમિયાન સંસ્થા દ્વારા પ્રકાશિત સાહિત્યની જ્ઞાનપ્રચાર અર્થે અર્ધી કિંમત રાખવામાં આવી હતી.

આ મહોત્સવની ખુશાલીમાં શ્રી કુંદકુંદ–કહાન દિ. જૈન તીર્થરક્ષાનિધિ તરફથી ગુજરાતી, હિન્દી, મરાઠી, કન્નડ તથા તામિલ–એમ પાંચ ભાષામાં પ્રગટ થતા 'આત્મધર્મ' માસિક–પત્રના આજીવનસભ્યના લવાજમ રૂા. ૧૦૧–૦૦ માંથી ઘટાડો કરી રૂા. ૭૬–૦૦ રાખવામાં આવ્યું હતું.

પ્રૌઢ શિક્ષણશિબિરમાં આવેલા તથા આ માંગલિક પ્રસંગ નિમિત્તે આવેલા–એમ બધા મળી લગભગ ૨૫૦૦ મુમુક્ષુ ભાઈ–બહેનોએ આ આનંદમહોત્સવનો લાભ લીધો હતો.

આજના માંગલિક દિને પૂજ્ય બહેનશ્રીનાં ઘરે પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવના આનંદકારી પ્રસંગ પછી ગોગીદેવી બ્ર. આશ્રમના મનફૂલા–સ્વાધ્યાય–ભવનના ચોકમાં સમસ્ત મુમુક્ષુમંડળ તથા મહેમાનો પૂજ્ય બહેનશ્રીનાં દર્શન કરવા–અભિવાદન કરવા આવ્યાં હતાં. આત્માર્થબોધક કંઈક મંગળ વચનો સંભળાવવાની પ્રાર્થના થતાં પૂજ્ય બહનેશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપકાર–મહિમા વ્યક્ત કરીને જ્ઞાયકસ્વભાવનું તળસ્પર્શી માર્મિક સંબોધન કર્યું હતું.

આ મંગલ મહોત્સવની ખુશાલીમાં પૂનમના રોજ સ્વ. શ્રી હેમકુંવરબેન કામાણી તરફથી તથા બીજના દિને અ. સૌ. સવિતાબેન રણછોડદાસ બરવાળાવાળા તરફથી સંઘને વાત્સલ્યજમણ આપવામાં આવ્યું હતું. શ્રી કુંદકુંદ–કહાન દિ. જૈન ભજનમંડળી ઘાટકોપર તરફથી બીજના બપોરે એક પ્રમોદદાયી નાટક રજુ કરવામાં આવ્યું હતું તથા દરેક પ્રસંગે તેમના દ્વારા રજૂ થતા ભક્તિ–કાર્યક્રમથી ભાવિકોને મુગ્ધ કર્યા હતા.

જન્મજયંતીના રોજ રાત્રે મહિલા–મુમુક્ષુવૃંદમાં પૂજ્ય બહેનશ્રીએ અધ્યાત્મરસ ઝરતું વાંચન આપ્યું હતું, ત્યાર પછી બ્રહ્મચારી બહેનોએ પૂજ્ય બહેનશ્રીનાં ભૂત–વર્તમાન જીવનના કેટલાક વિવિધ પ્રસંગો વિશેનું ભક્તિરૂપક રજુ કર્યું હતું.

આ રીતે ભક્તહૃદયોમાં આહ્લાદકારી સ્મરણો અંકિત કરતો આ ૬૫ મી જન્મજયંતી મહોત્સવ આનંદોલ્લાસ પૂર્વક પૂર્ણતાને પામ્યો હતો.

[ અનુસંધાન પેઈજ ૩૪Dથી ચાલુ ]

બધા જીલ્લાના પ્રમુખ–મંત્રીઓએ શ્રી સાહૂ શ્રેયાંસપ્રસાદજી જૈનનું પુષ્પ હારથી હાર્દિક સ્વાગત કર્યું હતું તથા તેમને સમાજના સંગઠન માટે સહયોગ આપવાની ખાત્રી આપી હતી.

અધ્યક્ષઃ– બાબુભાઈ ચુનીલાલ મહેતા
શ્રી દિગંબર જૈન મહાસમિતિ, ગુજરાત પ્રદેશ.

**સૂચનાઃ**- આ માસના કેટલાક અંકમાં પાના નં. ૧૯ની બોર્ડરમાં ‘હે શુદ્ધાત્મસ્પર્શી માતા! ૩૩’ છપાયું છે. ત્યાં ‘હે પ્રભાવશાળી ધર્માત્મા! ૪૯’ સુધારવું.

# સુવર્ણપુરીના સમાચાર

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રી સુવર્ણપુરીમાં સુખશાંતિમાં બિરાજી રહ્યાં છે. બન્ને સમય નિયમિત રીતે શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર તથા 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર તેઓશ્રીના અધ્યાત્મમસ્તીસભર પ્રવચનો તથા રાત્રિચર્ચા હિન્દીમાં ચાલી રહ્યાં છે.

* શિક્ષણશિબિર તથા પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લેવા માટે દેશભરમાંથી ભિન્ન ભિન્ન ૧૨ પ્રાંતોમાંથી હજારેક ભાઈઓ ઉપસ્થિત રહ્યાં હતાં. પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનોનો લાભ લેવા લગભગ ૩૦૦ ની સંખ્યામાં બહેનો પણ આવ્યા હતા. સવારે પાંચથી રાત્રે દશ સુધી ચાલતાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં મુખ્યત્વે પૂજ્ય ગુરુદેવશ્રીનાં બે પ્રવચનો, રાત્રિચર્ચા તથા બે વખત શિક્ષણવર્ગના ત્રણે કલાસ તથા બે વખત પ્રશિક્ષણના ક્લાસ ઉપરાંત પંડિત શ્રી ફૂલચંદજી સિદ્ધાંત શાસ્ત્રી, શ્રી લાલચંદભાઈ મોદી, શ્રી યુગલજી, શ્રી જ્ઞાનચંદજી, શ્રી કેસરીચંદજી ધવલ, શ્રી ધન્નાલાલજી, શ્રી રાજમલજી ભોપાલ, શ્રી કૈલાસચંદજી, શ્રી ગેંદાલાલજી, શ્રી દેવીલાલજી આદિ પંડિતોના પ્રવચનો થતાં હતા. ગયા વર્ષની માફક મુરબ્બી શ્રી રામજીભાઈ દોશી (પ્રમુખશ્રી), ખીમચંદભાઈ શેઠ, શ્રી જ્ઞાનચંદજી, શ્રી નવલચંદભાઈ તથા શ્રી ચીમનભાઈ શિક્ષણવર્ગ ચલાવતાં હતાં તથા પ્રશિક્ષણવર્ગ પંડિત શ્રી નેમીચંદજી પાટણી અને ડો. હુકમચંદજી ભારિલ્લ ચલાવતાં હતા. ભિન્ન ભિન્ન વક્તાઓની ભિન્ન ભિન્ન શૈલીવાળા પ્રવચનો સાંભળીને શ્રોતાઓ ખૂબ પ્રમુદિત થતાં હતાં.

* * *

## નૂતન વિશ્રાંતિગૃહ નિર્માણ નિર્ણય

સોનગઢમાં ચાલતા શિક્ષણશિબિરમાં ભાગ લેવા આવનાર મુમુક્ષુઓની સંખ્યા દર વર્ષે વધતી જતી હોવાથી બધા મહેમાનોને ઉતારવાની યોગ્ય આવાસવ્યવસ્થાની ખાસ જરૂરિયાત જણાતી હતી.

શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા તથા તેમના કુટુંબીજનોએ સ્વ. શેઠશ્રી પોપટલાલ મોહનલાલ વોરાની સ્મૃતિમાં રૂા. ૨૫૧૦૦૦) બે લાખ એકાવનહજાર રૂપિયા આવાસવ્યવસ્થા માટે પ્રદાન કર્યા અને તેથી "શેઠશ્રી પોપટલાલ મોહનલાલ વોરા વિશ્રાંતિ ગૃહ" નો નિર્માણ નિર્ણય કરવામાં આવ્યો છે. અને તે માટે શેઠશ્રી પૂરણચંદ્રજી ગોદીકા જયપુરવાળાએ તેમની જમીન (૧૦૦' ×૨૦૦' ની જમીન) પણ પ્રદાન કરી છે. "શેઠ પોપટલાલ મોહનલાલ વોરા વિશ્રાન્તિગૃહ" નામનું ટ્રસ્ટ અલગ નિર્માણ થયું છે. આ વિશ્રાન્તિગૃહમાં એક એક ફ્લેટ માટે દશ દશ હજારની રકમ નિશ્ચિત કરવામાં

આવી છે. જો કે પ્રત્યેક ફલેટ કે જેમાં એક રૂમ, રસોડું, બાથરૂમ તથા સંડાસનો સમાવેશ છે, તેનું લગભગ પંદર હજાર ખર્ચ થશે તો પણ રૂા. દસહજાર આપનારને પ્રતિ વર્ષ એક સાથે ૩ માસ અથવા છૂટક છૂટક ત્રણ માસ રહેવાની સુવિધા રહેશે. બાકીના સમયે અન્ય આત્માર્થી–મુમુક્ષુઓ તેનો ઉપયોગ કરી શકશે. આ મિલ્કતની માલિકી પો. મો વોરા વિશ્રાન્તિગૃહ ટ્રસ્ટની રહેશે.

આ ટ્રસ્ટના સંરક્ષક શ્રી લાલચંદભાઈ અમરચંદ મોદી રાજકોટ તથા ટ્રસ્ટી શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા, શ્રી ખીમચંદ જેઠાલાલ શેઠ સોનગઢ તથા શ્રી બાબુભાઈ ચુનીલાલ મહેતા ફતેપુર મોટા રહેશે.

ભાઈ યા બહેન આ ટ્રસ્ટના વિશ્રાન્તિગૃહમાં બ્લોક લેવા ઈચ્છતા હોય તેઓ દશ હજાર રૂપિયા લખાવી તેમનું સ્થાન સુરક્ષિત કરાવી લે–એવી વિનંતિ છે.

–બાબુભાઈ ચુનીલાલ મહેતા

ગુજરાતના પાટનગર અમદાવાદમાં, શ્રી દિગંબર જૈન મહા સમિતિ ગુજરાત પ્રદેશના પ્રાંતીય સમિતિના કાર્યકર્તાઓ તથા સેવાભાવી કાર્યકર્તાનું એક વિશાળ સંમેલન તા. ૬–૭–૭૮, રવિવારે, બપોરે ૨–૩૦ થી ૪–૩૦ થયું હતું જેમાં વડોદરા, ભરૂચ, સૂરત, ખેડા, પંચમહાલ, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, ભાવનગર, વઢવાણ, વાંકાનેર, અમદાવાદ શહેર, તથા અમદાવાદ જીલ્લાના ૨૫૫ કાર્યકર ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. સભામાં ૫૦૦ થી ૬૦૦ ની ઉપસ્થિતિ હતી.

કાર્યક્રમ ઘણો જ સફળતાપૂર્વક શાંતિથી ચાલ્યો હતો. પ્રસિદ્ધ ઉદ્યોગપતિ, દિગંબર જૈન મહાસમિતિના અધ્યક્ષ સાહૂ શ્રેયાંસ પ્રસાદજી જૈને સંમેલનનું ઉદ્ઘાટન કર્યું હતું તેમ જ તીર્થઉદ્ધાર જિર્ણોદ્ધાર ગામેગામ પાઠશાળાઓ ચાલે તથા સમાજના સંગઠન અને ઉત્કર્ષ માટે મનનીય ઉદ્ઘાટન ભાષણ તેઓશ્રીએ કર્યું હતું.

બહારગામથી આવેલા જુદાજુદા જીલ્લા પ્રતિનિધિ ભાઈ બહેનો –કાર્યકર્તાઓએ પણ તથા યુવકોએ પણ દિગમ્બર સમાજના સંગઠનની અતિ આવશ્યકતા ઉપર જોરદાર ભાષણો કર્યા હતાં.

હવે દરેક જીલ્લાવાર સંગઠન થશે. ગામોગામ પાઠશાળાઓ ચાલુ કરવાની ઝુબેશ શરૂ થશે. મહાસમિતિના સભ્યો નોંધાશે તથા દિગમ્બર જૈનધર્મનો પ્રચાર, પ્રસાર, પ્રભાવ થશે. સમાજનું સંગઠન વધશે.

[ વિશેષ માટે જુઓ પેઈજ નં. ૩૪B ]

# જ્ઞાયકને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી

**આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ૧૦૫.**


( 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી )

આત્માએ તો એક જ્ઞાયકભાવનો જ વેષ પરમાર્થે ધારણ કર્યો છે. આત્માને તો કાયમી એક જ્ઞાયકભાવનો જ વેષ છે. કાયમી એકરૂપે જ્ઞાયકપણાનો જ આત્માએ વેષ ધારણ કર્યો છે, જ્ઞાયકતત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી. સંવર-નિર્જરા ને મોક્ષ તો પર્યાયવેષ છે. આત્માને તો પરમાર્થે જ્ઞાયકપણાનો જ વેષ છે ને જ્ઞાયકભાવને પર્યાયવેષ પરમાર્થે નથી. સંવર-નિર્જરા ને મોક્ષ એ પર્યાયવેષ પણ જ્ઞાયકને નથી.

ધ્રુવ તત્ત્વ છે પણ હલચલની પર્યાયથી ભિન્ન છે. એવા જ્ઞાયકભાવને કોઈ પર્યાયનો વેષ તો નથી પણ કોઈ પર્યાયની અપેક્ષા પણ નથી. જ્ઞાયકતત્ત્વમાં સંવર-નિર્જરા-મોક્ષની પર્યાયનો વેષ પણ નહીં ને પર્યાયની અપેક્ષા પણ નથી-એવી ચીજ છે. સમ્યગ્દર્શનનો વિષય જે જ્ઞાયકતત્ત્વ છે તેમાં સમ્યગ્દર્શનનો વેષ નથી કે તેની અપેક્ષા પણ નથી.

જ્ઞાયક વસ્તુ વસ્તુ વસ્તુ છે તેને અતીન્દ્રિય આનંદની પર્યાયનો વેષ પણ નથી ને અતીન્દ્રિય આનંદની પર્યાયની અપેક્ષા પણ નથી. પ્રભુ ! એકવાર સાંભળને ! તારા જ્ઞાયકની પ્રભુતામાં અવસ્થાનો ભેખ-વેષ નથી. તું મહાપ્રભુ છે, જ્ઞાયક મહાપ્રભુ

[ અનુસંધાન પાના ૨૨ ૫૨ ]




## ‘મુનિશ્વરોને પ્રાપ્ત થતી દૈવી-ઋદ્ધિઓનું સ્વરૂપ’

ભાવલિંગી સંતોને ચારિત્ર-વિશુદ્ધિના બળે, મનુષ્યપણામાં ન સંભવે તેવી, દૈવી-ઋદ્ધિઓ સહજ પ્રગટ થાય છે; જે ઋદ્ધિથી મુનિ ભગવંતોને તો કંઈ પ્રયોજન નથી. પરંતુ તેઓની આ દૈવી-ઋદ્ધિ દેખીને કેટલાયે જીવો અન્યમતનું શ્રદ્ધાન છોડી જૈનદર્શનને અંગીકાર કરે છે. તેમાંની કેટલીક ઋદ્ધિ નીચે મુજબ છે.

(૧) અણુમાત્ર શરીર કરવાનું સામર્થ્ય તે અણિમાઋદ્ધિ છે.

(૨) મેરૂથી પણ મહાન શરીર કરવાનું સામર્થ્ય તે મહિમાઋદ્ધિ છે.

(૩) પવનથી પણ હલકું શરીર કરવાનું સામર્થ્ય તે લઘિમાઋદ્ધિ છે.

(૪) વજ્રથી પણ અતિ ભારે શરીર કરવાનું સામર્થ્ય તે ગરિમાઋદ્ધિ છે.

(૫) ભૂમિમાં બેસીને આંગળીના અગ્રભાગ વડે મેરૂપર્વતના શિખરને તથા સૂર્ય-ચંદ્રના વિમાનને સ્પર્શ કરવાનું સામર્થ્ય તે પ્રાપ્તિઋદ્ધિ છે.

(૬) જળમાં ભૂમિની માફક તથા ભૂમિમાં જળની માફક ગમન કરવાનું-જમીનને

[ અનુસંધાન પાનું ૨૧ પર ]

તંત્રીઃ **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર**
વીર સં. **૨૫૦૪, સપ્ટેમ્બર** ( લવાજમ **છ રૂપિયા** ) વર્ષ **૩૫**: અંક **૧૦**



પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પીનઃ ૩૬૪ ૨૫૦
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૭૦૦